જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક



જુનાગઢ આઝાદી દિવસ



સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય    તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

વર્ષ : ૪૮ અંક : ૨૮૦ જૂનાગઢ તા.૦૯-૧૧-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 280, Junagadh : Date : 09 November, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

Post Regn. G/JND/24 (VALID up to 31-12-2026) RNI Regn. No. 27509/67 • Ph. : (0285) 2621000/ 2651800 • E-mail : saurashtrabhoomi@gmail.com • Website : www.saurashtrabhoomi.com

## બાંગ્લાદેશમાં કટ્ટરપંથી ઈસ્લામીક સંગઠને ખુલ્લી ધમકી આપી ''ઈસ્કોનનાં ભકતોને પકડો અને મારી નાખો''

ઢાકા, તા.૯ઃ બાંગ્લાદેશમાં હિંસક વિરોધ પ્રદર્શનો બાદ ઓગસ્ટમાં શેખ હસીનાની સરકારનાં પતન બાદ હિન્દુ લઘુમતીઓ પર સતત હુમલાઓ ચાલુ છે. હવે કટ્ટરપંથી ઈસ્લામિક જૂથો ખુલ્લેઆમ હિંદુઓની ધરપકડ કરવા, ત્રાસ આપવા અને તેમને મારી નાખવાની ધમકી આપી રહ્યા છે. બાંગ્લાદેશના કટ્ટરપંથી સંગઠન હિફાઝત-એ-ઈસ્લામે ખુલ્લેઆમ નારા લગાવ્યા છે - 'ઈસ્કોન ભક્તોને પકડો, પછી તેને મારી નાખો.' ભારતમાં નિર્વાસિત જીવન જીવતી બાંગ્લાદેશી લેખિકા તસ્લીમા નસરીને એક્સ પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં આ માહિતી આપી છે.

તસ્લીમા નસરીને લખ્યું, ચિટગાંવ સ્થિત જૂથ હિફાઝત-એ-ઈસ્લામે ઈસ્કોન પર પ્રતિબંધ મૂકવાની હાકલ કરી છે. હિફાઝત-એ-ઈસ્લામે આતંકવાદની વાત કરી છે. તેઓ ઈસ્કોનના સભ્યોને મારવા માંગે છે. શું ઈસ્કોન આતંકવાદી સંગઠન છે અને તેના પર પ્રતિબંધ મૂકવો જોઈએ ? તસ્લીમાએ આગળ લખ્યું, શું ઈસ્કોનના સભ્યોએ હરે કૃષ્ણ, હરે રામના નારા લગાવતા કયારેય કોઈની હત્યા કરી છે બીજી તરફ ઈસ્લામિક આતંકવાદીઓ લોકોને મારતી વખતે 'અલ્લાહુ અકબર'ના નારા લગાવે છે. તેમણે કહ્યું કે ઈસ્કોન વિશ્વના ઘણા દેશોમાં હાજર છે અને તેને કયાંય પણ આવી સમસ્યાઓનો સામનો કરવો પડતો નથી, પરંતુ બાંગ્લાદેશમાં છે.

## ''બાળાસાહેબ જીવતા હોત તો ઉધ્ધવ ઠાકરેને ગોળી મારી દેત'' - નારાયણ રાણેનાં નિવેદનથી વિવાદ

મુંબઈ, તા.૯ઃ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી નજીક આવી છે જેને પગલે નેતાઓ દ્વારા એકબીજા સામે આરોપ-પ્રત્યારોપ શરૂ થઈ ગયા છે અને પાર્ટી અને વિપક્ષ એકબીજા પર બેફામ નિવેદનો કરી રહ્યા છે. આ દરમિયાન ભારતીય જનતા પાર્ટીના સાંસદ અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી નારાયણ રાણેએ વિરોધી પક્ષના નેતા ઉદ્ધવ ઠાકરે પર એક અત્યંત વિવાદાસ્પદ નિવેદન આપી દીધું છે. તેમણે કહ્યું કે જો બાળાસાહેબ ઠાકરે હોત તો તેમણે ઉદ્ધવ ઠાકરેને ગોળી મારી દીધી હોત. કોંકણમાં એક ચૂંટણી રેલી દરમિયાન તેમણે આ નિવેદન આપ્યું હતું જેને લીધે હવે કોઈ વિવાદ વખરે તેવી શકયતા છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, નારાયણ રાણેએ ઉદ્ધવ ઠાકરેની ભાષાને અસંસ્કારી ગણાવી તેમના પર ટીકા કરતા તેમણે કહ્યું કે, ઉદ્ધવ ઠાકરે અભદ્ર ભાષાનો ઉપયોગ કરે છે, જો આજે બાળાસાહેબ ઠાકરે જીવતા હોત તો તેમણે ઉદ્ધવ ઠાકરેને ગોળી મારી દીધી હોત અને તેમણે કહ્યું હતું કે ઉદ્ધવનું વર્તન પરિવારની ગરિમાને અનુરૂપ ન હતું. નારાયણ રાણેએ વધુમાં કહ્યું કે ઉદ્ધવ ઠાકરે હિન્દુત્વ સાથે સમાધાન કરીને મુખ્ય પ્રધાન બન્યા હતા. જોકે, તેમણે તેમના અઢી વર્ષના કાર્યકાળમાં માત્ર બે દિવસ જ મંત્રાલયમાં કામ કર્યું અને હવે તેઓ ફરીથી મુખ્ય પ્રધાન બનવા માગે છે. નારાયણ રાણેએ પૂછયું કે આવા લોકોને સત્તા કોણ આપશે

## કેનેડામાં ખાલીસ્તાની અલગતાવાદીઓની હાજરી હોવાનું ટ્રુડોએ સ્વીકાર્યુ

ટોરેન્ટો તા. ૯

કેનેડામાં ખાલીસ્તાની અલગાવવાદીઓ હાજર હોવાનું કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ સ્વીકાર્યુ છે, અલગાવવાદીઓ, ત્રાસવાદીઓ ગણાવવા કેનેડા હંમેશા ઈનકાર કરતું રહ્યું છે ત્યારે કેનેડાના વડાપ્રધાનનું બેવડું વલણ ફરી એકવાર બહાર આવ્યું છે. આતંકવાદીઓને આશરો આપવાના આક્ષેપો તેમની સરકાર સામે સતત થઈ રહ્યા છે. ત્યારે તેઓ ભારત ઉપર આવા અલગ અલગવવાદીઓની કેનેડામાં હત્યાનું કાવતરું કરવાનો ભારત ઉપર આરોપ પણ લગાવતા રહ્યા છે. જોકે હવે પ્રથમ વખત તેમણે કબૂલ્યું છે કે કેનેડામાં ખાલીસ્તાનીઓ ઉપસ્થિત છે. હકીકતમાં ટ્રૂડોએ એવું કહ્યું હતું કે કેનેડામાં ખાલીસ્તાની અલગાવવાદીઓ શીખ સમુદાયનું પ્રતિનિધિત્વ કરતા નથી. આમ ટ્રૂડોએ ખાલિસ્તાની અલગાવવાદીઓની કેનેડામાં હાજરી અંગે સ્વીકાર કરતા કેનેડા સરકાર ખાલીસ્તાની આતંકીઓને આશ્રય આપી રહ્યાની ભારત સરકારની વાતને સમર્થન મળે છે.

## ગણદેવીમાં ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં ભીષણ આગ ફાટી નીકળી : ત્રણ મજુરો જીવતા ભુંજાયા

નવસારી તા. ૯ : નવસારી જિલ્લાના ગણદેવીમાં એક ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. જેમાં ત્રણ લોકો જીવતા ભૂંજાયા છે. જ્યારે ત્રણથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મળતી માહિતી મુજબ ગણદેવી તાલુકાના દેવસર ગામની નજીક આવેલા જયપુર ગોલ્ડન ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. આગના કારણે ગોડાઉનમાં કામ કરતા કેટલાક મજૂરો ફસાઈ ગયા હતા જેમાં ત્રણનાં મોત થયાં છે. જ્યારે બે લોકો હજી આગમાં ફસાયેલા હોવાની આશંકા છે. જ્યારે ત્રણ લોકોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આગ પર કાબૂ મેળવવા માટે ગણદેવી, બીલીમોરા અને નવસારીમાંથી ફાયર ફાઈટરોની ટીમ દોડી ગઈ હતી. આગ અંગે પ્રાપ્ત માહિતી મુજબ ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં ટ્રકમાંથી કેમિકલના બેરલ ખાલી કરતી વખતે અચાનક ભડકો થયો હતો. જેમાં કેટલાક મજૂરો ફસાઈ ગયા હતા. આગની ઝપેટમાં આવતાં ત્રણ લોકો જીવતા ભૂંજાઈ ગયા છે. જ્યારે ત્રણથી વધુ લોકો હજી આગમાં ફસાયા હોવાની શંકા છે.

## આયુર્વેદ, યોગ, નેચરોપેથીને આયુષ્માન ભારત યોજનામાં શામેલ કરવા માંગણી



### સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર પાસે જવાબ માંગ્યો


નવી દિલ્હી તા. ૯

સુપ્રીમ કોર્ટે આયુર્વેદ, યોગ અને નેચરોપેથીને રાષ્ટ્રીય આયુષ્માન ભારત યોજનામાં સામેલ કરવાની માંગ કરતી અરજી પર કેન્દ્ર સરકાર પાસે જવાબ માંગ્યો છે. ચીફ જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડ અને જસ્ટિસ જે. બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની ખંડપીઠે એડવોકેટ અશ્વિની કુમાર ઉપાધ્યાયની અરજી પર કેન્દ્ર સરકાર અને અન્ય પક્ષકારોને નોટિસ પાઠવી છે. અરજીમાં પીએમજેએવાય નામથી ઓળખાતી યોજના આયુષ્યમાન ભારતમાં ઉપરોક્ત તબીબી સારવારની પદ્ધતિઓને સામેલ કરવાની માંગ કરતા કહ્યું હતું કે તેનાથી દેશની વસ્તીના નોંધપાત્ર વર્ગને સસ્તી આરોગ્ય સેવાઓનો લાભ અને વિવિધ ગંભીર રોગોમાં સારવારની સુવિધા મળશે, સાથે જ આયુર્વેદ ક્ષેત્રે કામ કરતા ઘણા લોકોને રોજગારી પણ મળશે.

પીએમજેએવાય અને સ્વાસ્થ્ય અને કલ્યાણ કેન્દ્ર. પીએમજેએવાય હેઠળ દર વર્ષે ગરીબી રેખા હેઠળના દરેક પરિવારને પાંચ લાખ રૂપિયાનું કેશલેસ હેલ્થ ઈન્શ્યોરન્સ કવર આપવામાં આવે છે. અરજદારે આ યોજનાને તમામ રાજ્યો અને ભારતીય આરોગ્ય સુવિધાઓમાં લાગુ કરવાની માંગ કરી છે.

## ટ્રમ્પની હત્યા કરાવવા ઈરાને યોજના બનાવી હતી અમેરીકાની અદાલતમાં ફોજદારી ફરીયાદ

નવી દિલ્હી, તા.૯ઃ ઈરાને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યા કરવાની યોજના બનાવી હતી.



મેનહટ્ટનની ફેડરલ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી ફોજદારી ફરિયાદમાં આ વાત કહેવામાં આવી છે. જે મુજબ ઈરાનના અર્ધલશ્કરી રિવોલ્યુશનરી ગાર્ડના નેફરહાદ શકીરી નામના અનામી અધિકારીને ટ્રમ્પની દેખરેખ અને હત્યાની જવાબદારી સોંપવામાં આવી હતી. ઈરાને સપ્ટેમ્બરમાં જ આ યોજના બનાવી હતી અને તેને એક સપ્તાહની અંદર લાગુ કરવાનો ઈરાદો હતો. ટ્રમ્પની હત્યાના કાવતરામાં ન્યૂયોર્કના બે લોકો પણ સામેલ હતા. ફરહાદને એમ પણ કહેવામાં આવ્યું હતું કે જો તે સપ્ટેમ્બરમાં આમ કરવામાં નિષ્ફળ જશે તો તેણે યુએસ ચૂંટણી પૂરી થાય ત્યાં સુધી રાહ જોવી પડશે. ઈરાનને લાગ્યું કે ટ્રમ્પ અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણી હારી જશે. આ સ્થિતિમાં ટ્રમ્પને વધારે સુરક્ષા નહીં મળે અને તેમને મારવા આસાન બની જશે. ફરિયાદ અનુસાર, શકિરીએ એફબીઆઈને જણાવ્યું કે ઈરાનના એક અધિકારીએ તેમને ૭ દિવસમાં હત્યાની યોજના બનાવવા માટે સૂચના આપી હતી. જો કે તેણે તે સમયે તેનું આયોજન કર્યું ન હતું. ટ્રમ્પની હત્યાના કાવતરાનો ખુલાસો તેમની જીતના થોડા દિવસો બાદ જ થયો છે. ઉલ્લેખનીય છે કે અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણી પ્રચાર દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પ પર બે વખત જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલાઓ દરમિયાન ટ્રમ્પ ભાગ્યે જ બચી ગયા હતા.

CARE+ LABORATORY

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7

8005 70 8005

અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

749/- કિંમત 2870/-

હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
+
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - લોહીમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપૂર્ણ તપાસ

1349/- કિંમત 5060/-

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.

કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦

કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે



PARDAWALA

- શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?

જો હા... તો હવે

જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઇચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.

સી.સી. પડદાવાલા

તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫



"Chiropratic"
ગરદન સંબંધિત માથાનો દુઃખાવો ઘટાડવામાં મદદ કરે છે. તમારી મુદ્રામાં સુધારો કરે છે. પીડા ઘટાડે છે અને તમારી કરોડરજ્જુ અને અન્ય સાંધાઓની ગતિની શ્રેણીમાં સુધારો કરે છે. અસ્થિવા જેવી ક્રોનિક સ્થિતિના લક્ષણો ઘટાડે છે. ગરદન અથવા કરોડરજ્જુની નાની ઈજાઓ, ખાસ કરીને વ્હીપ્લેશની સારવાર કરે છે.



"Tera- Herts"
ટેરાહાર્ટ્ઝ આવર્તન સામાન્ય શારીરિક કોષોની સમાન આવર્તન પર વાઈબ્રેટ કરે છે, તેથી તે તમારી રોગ પ્રતિકારક શક્તિને વેગ આપે છે, કોષોમાં ચયાપચયની પ્રવૃતિમાં વધારો કરે છે, સેલ્યુલર ઓકિસજનેશનમાં વધારો કરે છે તેમજ રકત પ્રવાહમાં વધારા કરે છે.



"Kashya Therapy"
શરીરની ગરમી ઘટાડે છે. આંખોમાં થતી બળતરા મટાડે છે. રકત પરિભ્રમણ સુધારે છે.



"Accupressure"
ચોક્કસ ચેતાને ઉત્તેજીત કરવાથી પીડાની સંવેદના ઘટાડવામાં મદદ મળી શકે છે. સંશોધકો એ પણ જોયુ કે એક્યુપ્રેશર સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે. તે એન્ડોર્ફિન્સનું સ્તર પણ વધારે છે. જે રસાયણોનું સ્તર પણ વધારે છે. જે રસાયણો છે. જે મુડને વેગ આપે છે. અને પીડાની લાગણી ઘટાડે છે. છેલ્લે, એક્યુપ્રેશર રકત પરિભ્રમણને સુધારી શકે છે.

KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આઝીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુંટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પલેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

national health authority



હવે ૭૦ વર્ષ અને તેનાથી વધુ ઉંમરના તમામ નાગરિકોને "આયુષ્માન વય વંદના કાર્ડ"નો લાભ મળશે

આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના



- સામાજિક આર્થિક સ્થિતિને ધ્યાનમાં લીધા વગર ૭૦ અને તેથી વધુ વર્ષ (ઉંમર આધારકાર્ડ અનુસાર)ના વરિષ્ઠ નાગરિકોનો યોજના હેઠળ સમાવેશ
- આધારકાર્ડથી એનરોલમેન્ટ
- તમામ સંલગ્ન હૉસ્પિટલોમાં "આયુષ્માન કાર્ડ" રજૂ કરી સારવાર મેળવી શકાશે સમગ્ર દેશમાં યોજના હેઠળ સંલગ્ન થયેલ તમામ હૉસ્પિટલોમાં સારવાર


આયુષ્માન એપ અથવા https://beneficiary.nha.gov.in/ લિંક પર ક્લિક કરી આજે જ પોતાનું કાર્ડ તૈયાર કરો


વધુ માહિતી માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૧૦૨૨ અથવા ૧૪૫૫૫ પર કૉલ કરશો.



આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય

C M Y K

# જૂનાગઢમાં આઝાદીના ઉત્સવનો ભવ્ય નજારો : ઈમારતો રોશનીથી શણગારાઈ



જૂનાગઢ તા.૯

આઝાદીના પાવનકારી પર્વ પ્રસંગે આજે જૂનાગઢ શહેરમાં આવેલ વિવિધ ઈમારતોને રોશનીથી શણગારવામાં આવી છે અને જૂનાગઢનો એક બહુમૂલ્ય નજારો જોવા મળી રહ્યો છે. ૯મી નવેમ્બર એટલે જૂનાગઢનો આઝાદી દિવસ છે આજે દિવસ દરમ્યાન અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે અને નગરજનો આઝાદીના ઉત્સવને મનાવી રહ્યા છે. બીજી તરફ જૂનાગઢ શહેરમાં આવેલી વિવિધ ઈમારતોને પણ રોશનીથી શણગારવામાં આવી છે. અને આઝાદીના ઉત્સવનો ભવ્ય નજારો જોવા મળી રહ્યો છે.

(તસ્વીર : વિજય ત્રીવેદી)

## ગિરનારની લીલી પરિક્રમા અંગે વનતંત્રના નવા ફતવાનો ઉતારા મંડળ દ્વારા વિરોધ

જૂનાગઢ તા.૯

ગરવા ગિરનારની લીલી પરિક્રમા શરૂ થવાના હવે ગણતરીના દિવસ જ બાકી રહ્યા છે પરંતુ નવા નવા નિયમ સામે વિરોધ ઉઠવા પામી રહ્યો છે. વન વિભાગ દ્વારા નવો ફતવો જારી કરવામાં આવેલ છે. જેની સામે પણ વિરોધનો સુર ઉઠવા પામ્યો છે. શ્રી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટના ઉતારા મંડળના ભાવેશભાઈ વેકરીયાએ એક યાદીમાં જણાવવામાં આવેલ છે કે, ગિરનારની લીલી પરિક્રમામાં સેવા કરતા અન્નક્ષેત્રો ચાલી રહ્યા છે પરંતુ આ અન્નક્ષેત્રો બળતણના લાકડા જે પોતાની સાથે લાવે છે તે જ વાપરશે. આ ઉપરાંત અન્નક્ષેત્રના કોઈપણ વાહનોને રોકવા નહીં તેમજ જે અન્નક્ષેત્રો વનતંત્રના આગ્રહથી ગેસના બાટલા વાપરતા હશે અને કોઈપણ કારણસર ગેસના બાટલા ફાટશે તો તેની સંપૂર્ણ જવાબદારી વન વિભાગના અધિકારીઓની રહેશે. આ તકે ભાવેશભાઈ વેકરીયાએ વધુમાં જણાવેલ છે કે, સનાતન હિન્દુ પરંપરાઓનું વારંવાર અપમાન થતું હોય પરંતુ સરકારને ધ્યાને કેમ આવતું નથી ? તેમજ અધિકારીઓ દ્વારા વખતોવખત સનાતન હિન્દુ પરંપરાઓનું અપમાન કરી રહ્યા છે. પરંતુ સાધુ-સંતો અને પદાધિકારીઓ તેમજ સાંસદ કેમ ચુપ છે તેવો સવાલ ઉઠાવ્યો છે. ગેસના બાટલાઓના જથ્થામાં એકપણ બાટલો લીકેજ હશે અને જેના કારણે બાટલાઓ ફાટશે તો વનમાં આગ લાગે તો માનવ જીંદગી તેમજ વન્ય જીંદગી અથવા કોઈપણ જાનમાલનું નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જીલ્લા કલેકટર તેમજ સીસીએફ અને ડીસીએફની રહેશે તેમ અંતમાં ભાવેશ વેકરીયાએ જણાવેલ છે. દરમ્યાન ગરવા ગિરનાર ખાતે યોજાનાર લીલી પરિક્રમામાં વનતંત્રની જોહુકમી સામે ગુજરાત સરકારના વનમંત્રી મુળુભાઈ બેરા, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાની સુચનાથી કલેકટર દ્વારા જૂનાગઢ પ્રાંત અધિકારી ગોહિલ સાથે પ્રાંત કચેરી જૂનાગઢ ખાતે ઉતારા મંડળ, ભવનાથ સાથે તાકીદની બેઠક આજે યોજાઈ રહી છે.

## જૂનાગઢ ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા તુલસી રોપા વિતરણ કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

સંતો મહંતો તેમજ ગિરનારી સાધુઓની તપોભૂમિ અને વિશ્વપ્રસિદ્ધ ગરવો ગિરનાર જ્યાં આવેલ છે તેવી જૂનાગઢની પવિત્ર ભૂમિ ઉપર ગિરનારની પરિક્રમાના શુભારંભની પૂર્વસંધ્યાએ ભૂતનાથ મહાદેવના સાંનિધ્યમાં ''સર્જન ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ટ્રસ્ટના પ્રમુખશ્રી સુરેશભાઈ પરમાર અને સામાજિક વનીકરણ રેન્જ જૂનાગઢના સહયોગથી જૂનાગઢ શહેરની ધર્મપ્રેમી જનતા માટે ૨૫૧ જેટલા પવિત્ર તુલસીના રોપાનું ફ્રી વિતરણ ભૂતનાથ મહાદેવના મહંતશ્રી મહેશગીરીબાપુના આશીર્વાદ સાથે જૂનાગઢ શહેરના સામાજિક રાજકીય અને સેવાકીય અગ્રણીઓના હસ્તે તુલસીના રોપાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવનાર છે. નિઃશુલ્ક તુલસીના રોપાનો વિતરણ કાર્યક્રમ આગામી તારીખ ૧૦/૧૧/૨૦૨૪ને રવિવારના રોજ સાંજે ૫-૦૦ કલાકે ભૂતનાથ મહાદેવ મંદિર કોલેજ રોડ જૂનાગઢ ખાતેથી સંતો મહંતો ભાજપ જૂનાગઢ મહાનગરના અધ્યક્ષ પુનીતભાઈ શર્મા, પૂર્વ મેયર ગીતાબેન પરમાર, આધ્યશક્તિબેન મજમુદાર, મહિલા મોરચાના પ્રમુખ જ્યોતિબેન વાડોલીયા તથા આગેવાનોના વરદ હસ્તે ફ્રી વિતરણ કરવામાં આવશે જેનો જાહેર જનતાએ લાભ લેવા જણાવાયું છે. સનાતન ધર્મ અનુસાર દરેક હિન્દુઓના ઘરે તુલસી માતાનો છોડ હોવો અત્યંત જરૂરી છે જેને લઈને આપણું આંગણું પવિત્ર બને તુલસી વિવાહના પર્વ પ્રસંગે દરેક ઘરે તુલસી માતાનું પૂજન પ્રસાદ ધરાવતી ધર્મપ્રેમી હિન્દુ જનતા માટે જૂનાગઢના આંગણે સૌ પ્રથમ વાર કહી શકાય તેવા તુલસી રોપા વિતરણ કાર્યક્રમના આયોજનને સફળ બનાવવા સર્જન ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટ જૂનાગઢ શાખાના પ્રમુખ કિરણબેન રાણીંગા, પ્રભારી શિતલબેન કાચા તથા મહામંત્રી મધુબેન ગૌસ્વામી સહિત કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.

## રાધા દામોદરજી ભગવાનને ધજા અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

સમસ્ત બ્રહ્મ સમાજ જૂનાગઢ મહાનગર સિનિયર સિટીઝન મંડળ દ્વારા કે.ડી. પંડ્યા, હસુભાઈ જોશી, શૈલેષ પંડ્યાના માર્ગદર્શનમાં પ્રોજેક્ટ ચેરમેન દિલીપભાઈ ટીટીયા તેની ટીમ દ્વારા રાધા દામોદર મંદિર દામોદર કુંડ ગીરનાર જૂનાગઢ ખાતે ધજા રોહણનો કાર્યક્રમ રાખેલ હતો. આ કાર્યક્રમમાં જયદેવભાઈ જોષી, ધર્મેશભાઈ સિહોર, પ્રફુલભાઈ જીમુલયા, આરતીબેન જોષી, મહેશભાઈ વ્યાસ વગેરે હાજર રહેલ હતા. તેમજ જાણીતા વિશ્વ વિખ્યાત કથાકાર ડો. મહાદેવ પ્રસદજીની કથાના આયોજક પ્રફુલભાઈ જીમુલયા દ્વારા મહાપ્રસાદનું આયોજન કરેલ હતું.

## કારતક માસના બીજા શનિવારે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીદાદાને ગુલાબ, ગલગોટા અને સેવંતીના ૨૦૦ કિલો ફુલોનો શણગાર



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૯

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી(અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.૦૯-૧૧-૨૦૨૪ને શનિવારના રોજ સાળંગપુરમાં વિરાજિત શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરે મોટી સંખ્યામાં ભક્તો દાદાના દર્શન કરી રહ્યા છે. ત્યારે આજે શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને ગુલાબ, ગલગોટા અને સેવંતીના ૨૦૦ કિલો ફુલોનો શણગાર કરાયો છે. આજે સવારે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. આ પછી શણગાર આરતી પ.પૂ.શાસ્ત્રીશ્રી હરિપ્રકાશદાસ સ્વામી દ્વારા કરવામાં આવી હતી. આ આરતીનો લ્હાવો મોટી સંખ્યામાં ભક્તોએ લીધો હતો. આખું મંદિર પરિસર દાદાના ભક્તોથી હકડેઠઠ ભરાઈ ગયું હતું. આજે કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, ગુલાબ, ગલગોટા અને સેવંતીના ૨૦૦ કિલો ફુલનો શણગાર કરાયો છે. વડોદરાથી આ ફુલ મંગાવ્યા છે. પ્યોર સિલ્કના વાઘા ૧૫ દિવસની મહેનતે વૃંદાવનમાં તૈયાર થયા છે. જેમાં પીળા સૂર્યમુખીના ફુલની ડિઝાઈન અને જરદોશી વર્ક કરાયું છે.

## ખંભાળિયામાં જલારામ બાપાની વિશાળ શોભાયાત્રા નીકળી





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૯

પૂજ્ય જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતી નિમિત્તે ગઈકાલે શુક્રવારે ખંભાળિયામાં અનેકવિધ કાર્યક્રમ સુંદર રીતે યોજવામાં આવ્યા હતા. જેમાં પરંપરાગત શોભાયાત્રાનું વિશેષ આકર્ષણ રહ્યું હતું. દર વર્ષે રઘુવંશી જ્ઞાતિની સંસ્થાઓ તેમજ જલારામ ભક્તો દ્વારા પૂજ્ય જલારામ બાપાની શોભાયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. જેમાં આ વખતે પણ શુક્રવારે સાંજે અહીંનાં જલારામ મંદિર ખાતેથી બાપાની વિશાળ શોભાયાત્રાનું પ્રસ્થાન થયું હતું. જે અહીંના જોધપુર ગેઈટ, પોસ્ટ ઓફિસ રોડ, નગર ગેઈટ, સ્ટેશન રોડ, બેઠક રોડ થઈને વી.ડી. બરછા નવી લોહાણા મહાજન વાડી ખાતે સંપન્ન થઈ હતી. માર્ગમાં શોભાયાત્રાનું સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સાથે રાસ ગરબા અને ફટાકડા તેમજ આતશબાજીની રમઝટ બોલાવવામાં આવી હતી. આ આયોજનમાં મોટી સંખ્યામાં જલારામ ભક્તો હોંશભેર જોડાયા હતા. શોભાયાત્રાની પૂર્ણાહુતિ બાદ નવી લોહાણા મહાજન વાડી ખાતે રઘુવંશી જ્ઞાતિના ભાઈઓ તથા બહેનોના સમુહ પ્રસાદ(નાત)નું પણ સુંદર અને સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. જે માટે મહાજન ટ્રસ્ટના વડપણ હેઠળ જ્ઞાતિના આગેવાનો, કાર્યકરોએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી. જલારામ જયંતિના પાવન પર્વ નિમિત્તે અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ જલારામ મંદિરે શીશ ઝુકાવ્યું હતું તેમજ બાપાની પ્રસાદીનો લાભ લીધો હતો. આ ઉપરાંત રિલાયન્સના શ્રી ધનરાજભાઈ નથવાણીએ પણ ગત રાત્રે રઘુવંશી જ્ઞાતિના સમૂહ ભોજન (નાત) પ્રસંગે ખાસ ઉપસ્થિત રહી અને જ્ઞાતિ ભોજનમાં સહભાગી થયા હતા.

### :: અવસાન નોંધ ::




જૂનાગઢ ગિરીનારાયણ બ્રાહ્મણ શ્રી હર્ષદ ભાઈ દિલસુખરાય ઠાકર તે પારુલ બેનના પતિ તેમજ જયશ્રીબેન જીતેન્દ્ર ભાઈ પાઠક નાં નાના ભાઈ અને હિતેષભાઈ (પંડિત) ઠાકર અને દિલીપભાઈ ઠાકર ના મોટા ભાઈ પલકભાઈ ઠાકર, શ્યામાબેન મોહિતભાઈ પંડ્યા, પ્રિયાબેન તુષારભાઈ ભટ્ટના પિતા તા. ૯-૧૧-૨૦૨૪ શનિવાર (ગોપષ્ટમી)ના પાવન દિવસે શ્રીજી ચરણ પામેલ છે.


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

ટ્યુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટ્યૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
દિપાવલી તહેવારો માટે ખાસ...
ગાયનું તાજુ ઘી આવી ગયું છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

ફ્લેટ વેચવાનો છે
2 BHK ફ્લેટ વેચવાનો છે. ટાઈટલ ક્લીઅર, લોનેબલ, વ્યાજબી કિંમત.
૨૦૪. હિના એપાર્ટમેન્ટ, સૈયદ વાડા. ઉપરકોટ - જૂનાગઢ
: કોન્ટેક :
મો. ૯૯૦૯૯ ૭૯૭૦૦

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

બેકરીની બધી જ આઈટમ ઘઉમાં મળશે સ્પે. પંજાબી પફ મળશે આઈસ કેકનાં સ્પેશ્યાલીસ્ટ
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

રોયલ ગેસ સ્ટવ
૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G. ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ
રોયલ ગેસ સ્ટવ
એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે
માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે, મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

ગજાનન આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

# ગિરનાર લીલી પરિક્રમાની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરતા જીલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા

## ગિરનાર લીલી પરિક્રમામાં પધારતા ભાવિકોને વીજળી, પાણી, આરોગ્ય, પરિવહન સહિતની સુવિધાઓ મળી રહે તે માટે જરૂરી નિર્દેશ આપતા જીલ્લા સમાહર્તા




- પરિક્રમા દરમ્યાન પણ સાફ-સફાઈનું તંત્ર દ્વારા આયોજન : પરિક્રમા રૂટ ઉપર ૧૦૦૦ કચરા પેટી લગાવાશે
- પ્લાસ્ટિકનને ગિરનારમાં જતુ અટકાવવા વન વિભાગ અને સેવાકીય સંસ્થાઓ દ્વારા કાપડની થેલીના વિતરણનું આયોજન
- ફ્રી વાહન પાર્કિંગના સાઈન બોર્ડ અને પરિક્રમાર્થીઓ પરિક્રમાનો રૂટ ન ભટકે તે માટે પણ જરૂરી સાઈન બોર્ડ મૂકવા નિર્દેશ

જૂનાગઢ, તા.૯

જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવાસિયાએ ગિરનાર લીલી પરિક્રમાના રૂટના નિરીક્ષણ કર્યા બાદ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. જિલ્લા કલેકટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં જિલ્લા સમાહર્તા અનિલકુમાર રાણાવસિયાએ ગિરનાર લીલી પરિક્રમામાં ગુજરાત અને દેશભરમાંથી પધારતા ભાવિકોને જરૂરી પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે માટે સંબંધિત અધિકારીઓ પાસેથી પૂર્વ તૈયારીઓની વિગતો મેળવી હતી. આ સાથે શ્રદ્ધાળુઓને વીજળી, પાણી, આરોગ્ય, પરિવહન સહિતની સુવિધાઓ મળી રહે તે માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

ગિરનાર લીલી પરિક્રમા દરમ્યાન પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ ન થાય તે માટે પણ ખાસ પ્રબંધ કરવા કલેકટરશ્રીએ સૂચના આપી હતી. આ માટે વન વિભાગ અને સેવાકીય સંસ્થાઓ દ્વારા પરીક્રમાર્થીઓને બાયોડીગ્રેડેબલ કાપડની થેલીનું પણ વિતરણ કરવામાં આવશે.


જિલ્લા કલેકટરે પરિક્રમા દરમિયાન સફાઈની વિશેષ તકેદારી લેવામાં આવે તે માટે પણ ભાર મૂક્યો હતો. આ વર્ષે પરિક્રમા દરમિયાન પણ સાફ-સફાઈ કરવાનું વન વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. વન વિભાગ અને સેવાકીય સંસ્થાઓ દ્વારા ૧૦૦૦ જેટલી કચરા પેટીઓ પરિક્રમા રૂટ ઉપર રાખવામાં આવશે. ઉપરાંત દામોદર કુંડ, ભવનાથ સહિતના વિસ્તારની સફાઈ માટે મહાનગરપાલિકાની વધારાની ટીમો પણ કાર્યરત રહેશે. કલેકટરશ્રીએ ફ્રી વાહન પાર્કિંગના સાઈન બોર્ડ અને પરિક્રમમાંથીઓ પણ પરિક્રમાનો રૂટ ન ભટકે તે માટે જંગલમાં સાઈન બોર્ડ મૂકવા નિર્દેશ આપ્યા હતાં.

જિલ્લા કલેકટરે, એસટી બસ સ્ટેન્ડ ખાતેથી જ પરિક્રમાર્થીઓને પ્લાસ્ટિક સાથે ન લઈ જવા માટે સુચિત અને સમજુત કરવા ઉપરાંત એસટી બસમાં કચરા પેટીની વ્યવસ્થા રાખવા માટે પણ સૂચના આપી હતી. ગિરનાર લીલી પરિક્રમા દરમિયાન ભાવિકોને પીવાના પાણીની પૂરતી સગવડતા મળી રહે તે માટે વધારાના પીવાના પાણીના પોઈન્ટ ઊભા કરવામાં આવ્યા આવી રહ્યા છે. પરિક્રમાર્થીઓનું આરોગ્ય ન જોખમાય માટે તે ખાદ્ય સામગ્રીના નમુનાઓ લેવા માટે પણ સૂચના આપી હતી. સાથે જ દૂધ ગેસ સિલિન્ડર સહિતના પુરવઠો જળવાઈ રહે તે માટે પણ નિર્દેશ કર્યા હતા.

ભાવિકોની સુરક્ષા અને મદદ માટે પૂરતો પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવશે. જંગલમાં આગના બનાવોને અટકાવવા માટે દવ ટૂકડીઓ કાર્યરત રહેશે. ઉપરાંત ફાયર ફાઈટરની સેવાઓ ઉપલબ્ધ રહેશે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, નાયક વન સરક્ષક અક્ષય જોશી, નિવાસી અધિક કલેકટર એન. એફ. ચૌધરી, પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ, ડેપ્યુટી કમિશ્નર અજય ઝાપડા સહિત પીજીવીસીએલ, આરોગ્ય, પાણી પુરવઠા સહિતના વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગિરનાર લીલી પરિક્રમા દરમ્યાન ફરજ બજાવનાર અધિકારી-કર્મચારીઓને લોકોના જીવ બચાવવામાં ઉપયોગી CPR તાલીમ અપાઈ



જૂનાગઢ તા.૯

કલેકટર અનિલકુમાર રાણાવાસિયાની પહેલથી સીપીઆર કાર્ડીયો પલ્મનરી રીસસીટેશન એટલે કે, હૃદય અને ફેફસાને પુનઃજીવિત કરવાની પ્રક્રિયાની ગિરનાર લીલી પરિક્રમા દરમ્યાન ફરજ બજાવનાર અધિકારી કર્મચારીઓને તાલીમ આપવામાં આવી હતી.

મહત્વનું છે કે, ગિરનાર લીલી પરિક્રમાનો રૂટ ૩૬ કી.મી. જેટલો લાંબો હોવાની સાથે કઠિન પણ છે. આ સ્થિતિમાં ખાસ કરીને વયોવૃદ્ધ ભાવિકોને શારીરિક તકલીફોનો સામનો કરવો પડતો હોય છે. ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યાત્રિકોને આરોગ્ય સહિતની જરૂરી સગવડતાઓ મળી રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મિશન મોડમાં કામગીરી કરવામાં આવી રહી છે. કલેકટર કચેરી ખાતે જુદા જુદા વિભાગના અધિકારી કર્મચારીઓને સીપીઆરની પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમના માધ્યમથી હૃદય બંધ પડી જવા કે કાર્ડિયાક એરેસ્ટની સ્થિતિમાં તબીબી સેવાઓ સાથે સંકળાયેલ નથી તેવા સામાન્ય લોકો પણ લોકોનો જીવ બચાવી શકે છે. આ તાલીમ આપનાર ડો. અંજલી ઉનડકટ જણાવે છે કે, હૃદય અને ફેફસાને પુનઃ જીવિત કરવાની પ્રક્રિયા એટલે કે સીપીઆર દ્વારા લોકોનો જીવ બચાવી શકાય છે. ખાસ કરીને ગિરનાર લીલી પરિક્રમાનો રૂટ લાંબો અને ચઢાણ વાળો હોવાથી ડીહાયડ્રેશનના કારણે બેભાન થઈ જાય કે, હૃદય બંધ પડી જવાની સ્થિતિમાં સીપીઆર દ્વારા ટૂંકા ગાળામાં લોકોનો જીવ બચાવી શકાય છે.

# ગિરનાર પરમાત્માની ભૂમિ છે તે ક્યારેય ન ભૂલીએ : પરિક્રમા દરમ્યાન કચરો- ગંદકી ન કરવા શેરનાથબાપુની અપીલ


## પ્રકૃતિ માટે પ્લાસ્ટિક અભિશાપ છે, વન્યજીવો અને પ્રકૃતિના જતન માટે પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરીએ : મહંત મહેશગીરીબાપુ

જૂનાગઢ, તા.૯

ગરવા ગિરનારની પવિત્ર લીલી પરિક્રમા કારતક વદ -૧૧ એટલે કે દેવ દિવાળીના દિવસે તા.૧૨-૧૧-૨૦૨૪ના રોજ પ્રારંભ થવા જઈ રહ્યો છે, ત્યારે સાધુ સંતોએ પ્રતિબંધિત પ્લાસ્ટિક પરિક્રમર્થીઓને સાથે ન લાવવાની સાથે પાવની પરિક્રમા દરમિયાન કચરો - ગંદકી ન થાય તેની વિશેષ કાળજી લેવા ભાવિકોને અનુરોધ કર્યો છે.

ભવનાથમાં આવેલા ગોરક્ષનાથ આશ્રમના મહંત શેરનાથબાપુએ જણાવ્યું કે, ગિરનાર લીલી પરિક્રમા પરમાત્મા સાથે એકાત્મ સાધવાની સાથે ગિરનારી મહારાજના આશીર્વાદ મેળવવાનો અવસર છે. ગિરનાર લીલી પરિક્રમા દરમિયાન ગિરનારના પ્રાકૃતિક સૌંદર્યને માણીએ પણ આ પરમાત્માની પાવનભૂમિ છે તે પણ ક્યારેય ન ભૂલીએ. પરિક્રમા દરમ્યાન વન્ય સંપદા અને પર્યાવરણને નુકસાન ન થાય તેની વિશેષ કાળજી રાખીએ. ઉપરાંત જ્યાં ત્યાં કચરો ગંદકી ન ફેલાવવા માટે શ્રી શેરનાથ બાપુએ ભાવિકોને અનુરોધ કર્યો હતો.

શ્રી ગુરૂ દત્તાત્રેય સંસ્થાન- ગિરનારના મહેશગીરીબાપુએ ગિરનાર પરિક્રમા અર્થે પધારતા ભાવિકોને અનુરોધ કરતા કહ્યું કે,




પ્રકૃતિ માટે પ્લાસ્ટિક અભિશાપ છે, ભાવિકોએ પ્લાસ્ટિકનો ઉપયોગ તો ન જ કરવો સાથે જ અન્યને પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા માટે પ્રેરિત પણ કરવા જોઈએ. સાથે જ પ્લાસ્ટિકનો યોગ્ય નિકાલ કરવો જરૂરી છે જેથી પ્રકૃતિને હાની ન પહોંચે. આ સાથે તેમણે કહ્યું કે, વન્ય જીવોની સુરક્ષા માટે પ્રશાસનના અધિકારી કર્મચારીઓ ખૂબ મહેનત કરતા હોય છે, ત્યારે આપણે પણ વન્ય જીવો અને પર્યાવરણના રક્ષણ અને જતનમાં સહભાગી બનીએ.

# જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ ગિરનાર લીલી પરિક્રમા રૂટનું નિરીક્ષણ કર્યુ




જૂનાગઢ, તા.૯

જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ ગિરનાર લીલી પરિક્રમા રૂટનું નિરીક્ષણ કર્યુ હતું. આ રૂટ નિરીક્ષણ દરમ્યાન ગિરનાર લીલી પરિક્રમામાં પધારતા ભાવિકો માટે જરૂરી પ્રાથમિક સુવિધાઓ ઉભી કરવા માટે પરામર્શ કર્યો હતો. ઉપરાંત ગિરનાર લીલી પરિક્રમાના કઠિન અને ચઢાણ વાળા રૂટ ઉપર પરિક્રમાર્થીઓને મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે તે માટે પણ જરૂરી વ્યવસ્થાઓ કરવા માટેનો તાગ મેળવ્યો હતો.

જિલ્લા કલેક્ટરની સાથે જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, નાયબ વન સંરક્ષક અક્ષય જોશી સહિતના અધિકારીઓએ પરિક્રમા રૂટનું જાત નિરીક્ષણ કર્યુ હતું.

## FICCIની રાષ્ટ્રીય કાર્યકારી સિમિતિની બેઠકમાં સીએમ ભૂપેન્દ્ર પટેલનું નિવેદન

# ગુજરાત ભારતની વિકાસગાથાનું નેતૃત્વ કરશે, ૨૦૪૭ સુધીમાં ૩.૫ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવાનું લક્ષ્ય

## એક ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનવામાં ગુજરાતને સમર્થન આપવા FICCI પ્રતિબદ્ધ છે : ડો.અનીશ શાહ





(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૯

FICCIની રાષ્ટ્રીય કાર્યકારી સિમિતિની બેઠક (NECM),માં વિશેષ સત્રને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રોકાણને પ્રોત્સાહન આપવા અને ટકાઉ વૃદ્ધિનું વાતાવરણ ઊભું કરવાના હેતુથી રાજ્યની નીતિઓ અને પહેલ પર ભાર મૂકતા, ઈન્ડસ્ટ્રી ફ્રેન્ડલી ઈકોસિસ્ટમ માટે ગુજરાતની પ્રતિબદ્ધતાને દર્શાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, "PM મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, ભારત ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવા તરફ છે, મેક ઈન ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા અને સ્કિલ ઈન્ડિયા જેવી પહેલ ઝડપી વિકાસ તરફ દોરી રહ્યું છે. ગુજરાત ૨૩ વર્ષથી તેમના નેતૃત્વનો લાભ લઈ રહ્યું છે, પડકારોને તકમાં ફેરવીને પોતાને ગ્રોથ એન્જિનમાં પરિવર્તિત કરી રહ્યું છે." તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારત વિઝનને હાઈલાઈટ કર્યુ અને ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના મિશનમાં ગુજરાત મુખ્ય ભૂમિકામાં હોવાનો ઉલ્લેખ પણ કર્યો. મુખ્યમંત્રી પટેલે ઉદ્યોગ જગતના અગ્રણીઓ સાથે વિવિધ મુદ્દાઓ પર વાર્તાલાપ કર્યો હતો અને રાજ્ય અને દેશમાં આર્થિક વિકાસ અને ઔદ્યોગિક વિકાસ માટે સરકારનું વિઝિન રજૂ કર્યુ હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે, "સરકારના નીતિ આધારિત અભિગમને કારણે ગુજરાત સીધા વિદેશી રોકાણમાં અગ્રેસર બન્યું છે અને રોકાણ માટે સૌથી પસંદગીનું સ્થળ બન્યું છે. સેમિકન્ડકટર્સ, ગ્રીન હાઈડ્રોજન અને રિન્યુએબલ એનર્જી જેવા ક્ષેત્રોમાં ગુજરાતમાં જંગી રોકાણ થયું છે." તેમણે કહ્યું કે "૨૦૪૭ સુધીમાં વિકસિત ગુજરાતથી વિકસિત ભારતમાં યોગદાન આપવાનો રોડમેપ તૈયાર છે. અમે ત્યાં સુધીમાં ગુજરાતની અર્થવ્યવસ્થા ૩.૫ ટ્રિલિયન ડોલર સુધી લઈ જવા માટે પ્રતિબદ્ધ છીએ. FICCI આર્થિક વૃદ્ધિ માટે પ્રેરક છે. મને વિશ્વાસ છે કે વિકસિત ગુજરાત વિકસિત ભારત માટે પુષ્કળ યોગદાન આપશે."

આ પ્રસંગે FICCIના પ્રેસિડેન્ટ ડો.અનીશ શાહે ભારતની વિકાસ ગાથામાં ગુજરાતની સિદ્ધિઓ અને નેતૃત્વની ભૂમિકા અંગે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, "ગુજરાત ભારતની આર્થિક યાત્રામાં મોખરે રહ્યું છે. વસ્તીના માત્ર ૫ ટકા સાથે તે રાષ્ટ્રીય નિકાસમાં ૮ ટકા, મર્ચેન્ડાઈઝ નિકાસમાં ૩૦ ટકા અને મેરિટાઈમ કાર્ગોમાં ૪૦ ટકા યોગદાન આપે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં તેનો ૧૨ ટકા વાર્ષિક વૃદ્ધિ દર એક અસાધારણ સિદ્ધિ દર્શાવે છે. અમે ૨૦૪૭માં વિકસિત ભારતના વિઝિન સાથે ૩૨ ટ્રિલિયન ડોલરના લક્ષ્યાંક માટે કામ કરી રહ્યાં છીએ, અને ગુજરાતનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વેપાર માટે એક મહત્વપૂર્ણ પ્રવેશદ્વાર તરીકે સ્થાન આપે છે. FICCI ગુજરાતને સમર્થન આપવા માટે પ્રતિબદ્ધ છે, જે ભારતના જીડીપીમાં ૧૦ ટકા હિસ્સો ધરાવે છે, અને ૧ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બની રહ્યું છે." FICCIના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ હર્ષવર્ધન અગ્રવાલે જણાવ્યું હતું કે, "અમે તેમના વિઝનને શેર કરવા બદલ ગુજરાત સરકારનો હૃદયથી આભાર માનીએ છીએ. FICCI ગુજરાત સાથે ભાગીદારી કરવા માટે અભારી છે અને આગામી વર્ષોમાં આ સહયોગને વધુ ગાઢ બનાવવા માટે ઉત્સુક છીએ."

FICCIની ગુજરાત સ્ટેટ કાઉન્સિલના અધ્યક્ષ અને હેસ્ટર બાયોસાયન્સિસના CEO અને MD રાજીવ ગાંધીએ ગુજરાતને ઔદ્યોગિક પ્રગતિનું દીવાદાંડી ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે, "FICCI સરકારની નીતિઓની હિમાયત કરવા માટે ભારતનો અગ્રણી આવાજ છે, ગુજરાત ભારતની વિકાસગાથાને આગળ ધપાવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. નીતિ અને ઉદ્યોગ વચ્ચેના સમન્વયે અમને વિવિધ ક્ષેત્રોમાં આગળ વધવા માટે સક્ષમ બનાવ્યા છે, જે આર્થિક વૃદ્ધિને આગળ ધપાવે છે, અને સારી આજીવિકા અને જીવનધોરણનું નિર્માણ કરે છે, જે માનનીય વડાપ્રધાન મોદીની કલ્પના છે." મીટિંગ દરમિયાન હર્ષવર્ધન અગ્રવાલ FICCIના ચૂંટાયેલા પ્રમુખ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. FICCIની નેશનલ એક્ઝિક્યુટિવ કમિટીની મીટીંગમાં ઉદ્યોગ જગતના લોકો અને હિતધારકોની ભાગીદારી જોવા મળી હતી, ઉદ્યોગોના પડકારોને પહોંચી વળવા, આર્થિક ઉન્નતિને ઉત્તેજિત કરવા અને રાષ્ટ્રીય અર્થતંત્રમાં ગુજરાતના નેતૃત્વને મજબૂત બનાવવાની તકો અને વ્યૂહરચનાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

# વન – પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાની અધ્યક્ષતામાં ભાણવડ તાલુકા પંચાયતની સામાન્ય સભા યોજાઈ

## નૂતન વર્ષે નવા સંકલ્પ સાથે પ્રજાલક્ષી અને વિકાસલક્ષી કાર્યોને વધુ ગતિમાન કરવાનું આહવાન કરતાં મંત્રી મુળુભાઈ બેરા




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૯

પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી મુળુભાઈ બેરાની અધ્યક્ષતામાં ભાણવડ તાલુકા પંચાયત ખાતે તાલુકા પંચાયતની સામાન્ય સભા યોજાઈ હતી.મંત્રી મુળુભાઈ બેરાએ તાલુકા પંચાયતના સર્વે સદસ્યો, અધિકારીઓને નૂતન વર્ષની શુભકામના પાઠવી હતી. વિક્રમ સવંત ૨૦૮૧ના વર્ષમાં ભાણવડ તાલુકાના સર્વાંગી વિકાસ માટે જરૂરી શિક્ષણ, આરોગ્ય અને અન્ય સેવાઓને વધુ સર્દઢ બનાવવા માટે સર્વે પદાધિકારીઓ અને કર્મયોગીઓને ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે સર્વે કર્મયોગીઓને જનહિતલક્ષી કાર્યોને અગ્રતા આપી બને તેટલી ઝડપી અને સૂચારૂ રીતે પૂર્ણ કરવા પણ જણાવ્યું હતું. સામાન્ય સભામાં રાજય સરકારની વિવિધ ફેલગશીપ યોજનાઓના કામોની સમીક્ષા કરવામાં આવી હતી. ૧૫માં નાણાપંચના ફેરફાર કરવા પાત્ર કામોની સમીક્ષા પણ કરવામાં આવી હતી. તાલુકા પંચાયત સભ્યશ્રીઓ દ્વારા વિવિધ પ્રશ્નો રજૂઆત મંત્રીશ્રી સમક્ષ કરવામા આવી હતી. મંત્રીશ્રીએ આ તમામ રજૂઆતને અગ્રતા આપવામાં આવશે, તેવું પણ તાલુકા પંચાયતના સદસ્યોને જણાવ્યું હતું. સામાન્ય સભામાં તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી ડાયબેન છૈયા, ઉપપ્રમુખ શ્રીમતી મરિયમબેન હિંગોરા, તાલુકા વિકાસ અધિકારી એન.એલ.બેડીયાવદરા, તાલુકા પંચાયતના સર્વે સભ્યો, અધિકારીઓ, કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# ભારતરત્ન લાલકૃષ્ણ અડવાણીજીના ૯૮માં જન્મદિવસની સોમનાથ મંદિર ખાતે ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ પાટણ, તા.૯

સોમનાથ મંદિર ખાતે શ્રી સોમનાથ ટ્રસ્ટના આદરણીય ટ્રસ્ટી પૂર્વ નાયબ વડાપ્રધાન ભારતરત્ન લાલકૃષ્ણ અડવાણીજીના ૯૮માં જન્મદિવસની શ્રી સોમનાથ મંદિર ખાતે ધાર્મિક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી સોમનાથ મંદિરમાં આયુષ્ય મંત્ર જાપ, સોમનાથ મહાદેવની મહાપૂજા, સાયં દિપમાલા અને વિશેષ શૃંગારનું આયોજન કરવામાં આવેલ છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ પરિવાર તરફથી લાલકૃષ્ણ અડવાણીના નીરોગી દીર્ઘઆયુષ્ય માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# જેપીસીમાં હીન આચરણ

વક્ફ વિધેયક પર વિચાર કરી રહેલી સંયુક્ત સંસદીય સમિતિ એટલે કે જેપીસીની બેઠકમાં તૃણમૂલ કોંગ્રેસના 'પંકાયેલા' સાંસદ કલ્યાણ બેનર્જી ગુસ્સે થઈ ગયા અને તેમણે કાચની બોટલ તોડીને કોઈ ગુંડા-મવાલીની જેમ સમિતિના અધ્યક્ષ જગદંબિકા પાલ તરફ ફેંકી, એનાથી શરમજનક અને નિંદનીય બીજું શું હોય? કલ્યાણ બેનર્જી આવી હલકટ હરકતો માટે જાણીતા છે. તેમની આવી હરકતોને કારણે તેમને રાજકારણના 'ઉતાર' કહીએ તો ય ઓછું પડે. વધુ પડતા આવેશને કલ્યાણ બેનર્જી પોતે જ ઘાયલ થયા, પરંતુ તેનાથી તેમના પ્રત્યે સહેજ પણ સહાનુભૂતિ રાખી ન શકાય. કલ્યાણ બેનર્જીના આવા સડકછાપ આચરણને કારણે તેમને એક દિવસ માટે સસ્પેન્ડ કરી દેવાયા, પરંતુ શું આટલું પૂરતું કહી શકાય? આવા નમૂનાને તો જેપીસીમાંથી જ ધક્કા મારીને હાંકી કાઢવા જોઈએ. જો તેમની નારાજગી ભાજપ સાંસદ અભિજીત ગંગોપાધ્યાયથી હતી તો તેમણે સમિતિના અધ્યક્ષ પર સડકછાપ ગુંડાની માફક બોટલ કેમ ફેંકી? કલ્યાણ બેનર્જી આવા હલકટવેડા માટે જાણીતા છે, પરંતુ કોઈપણ સાંસદ પાસે આવી અપેક્ષા ન રાખી શકાય, જેવું તેમણે કર્યું. ધ્યાન રહે કે આવા જ હલકટવેડાને કારણે તેમને એક વખત રાજ્યસભામાંથી પણ સસ્પેન્ડ કરી દેવાયા હતા. તેઓ રાજ્યસભાના સભાપતિની નકલ કરીને તેમનો ઉપહાસ ઉડાવી રહ્યા હતા.

લાગે છેકે હવે સંસદ સમિતિઓ પણ એ રોગથી ગ્રસ્ત થઈ ગઈ છે, જે લોકસભા અને રાજ્યસભામાં જોવા મળે છે અને તેના પરિણામે સંસદમાં હવે કોઈ વિષય પર માંડ કોઈ સાર્થક ચર્ચા થઈ શકે છે. તેનું એક મોટું કારણ પક્ષીય રાજકીય સ્વાર્થ છે. એમાં ય કલ્યાણ બેનર્જી જેવા પ્રાદેશિક ટુચ્ચા નેતા વળી ચાર ચાસણી ચડે છે. સંસદમાં પક્ષ-વિપક્ષના સદસ્યો પક્ષીય હિતોથી ઉપર ઉઠે તેવી આશા રાખવામાં આવે છે, એ જ આશા સંસદીય સમિતિઓમાં પણ રાખવી પડશે? આ બીજું કશું નહીં, સંસદીય વ્યવહારનું ક્ષરણ જ છે. જેપીસી બેઠકમાં જે કંઈ થયું, તે સહમતિની રાજનીતિ પર આઘાત કરનારું છે. એમાં શંકા નહીં કે વક્ફ અધિનિયમમાં સંશોધન ચર્ચાનો વિષય છે, પરંતુ ચર્ચાનો મતલબ ઉગ્ર વ્યવહાર ન હોઈ શકે અને એમાંય આવું ગુંડા-મવાલીછાપ આચરણ તો સાંસદોને શોભે જ નહીં. કલ્યાણ બેનર્જી પોતાની વાત તર્કસંગત રીતે કેમ રજૂ ન કરી શક્યા? સામાન્ય રીતે કોઈ ત્યારે જ ધૂંધવાય છે, જ્યારે તેની વાતમાં કોઈ તાર્કિક તથ્ય હોતું નથી અથવા તો તે વિપરીત વિચાર સાંભળવા તૈયાર નથી હોતો. વિપક્ષ વક્ફ અધિનિયમમાં કોઈપણ પ્રકારના બદલાવનો વિરોધી છે અને તેનાથી એ સહન નથી થતું કે સત્તાપક્ષ આ અધિનિયમમાં બદલાવ જરૂરી સમજી રહ્યો છે. પ્રશ્ન એ પણ છે કે શું સરકારે કોઈ નિયમ-અધિનિયમમાં સંશોધન-પરિવર્તન એટલા માટે ન કરવું જોઈએ કે વિપક્ષને તે પસંદ નથી? કોઈ વિષય પર વિપક્ષના વિચાર સત્તાપક્ષથી અલગ હોઈ શકે છે, પરંતુ તેના આધાર પર તે સરકાર પાસેથી શાસન ચલાવવાનો અધિકાર છીનવી ન શકે.

# રાજકારણીઓ કરતાં વેઈટરો પર વધારે ભરોસો કરે છે દુનિયા : સર્વે

નવી દિલ્હી, તા.૯

દુનિયામાં જાતજાતના સર્વે થતાં રહે છે. એવો જ એક રસપ્રદ સર્વે 'વૈશ્વિક વિશ્વાસપાત્રતા સૂચકાંક ૨૦૨૪' તાજેતરમાં થયો હતો. સર્વે કંઈક એવો છે કે લોકો કયા ક્ષેત્રમાં કામ કરતાં વ્યવસાયિકો પર વધારે ભરોસો કરે છે. ભારતના નાગરિકો અને અન્ય દેશના લોકોના મંતવ્યો બાબતે ચોંકાવનારા તારણો સામે આવ્યા છે.ભારતીય નાગરિકોનો ભરોસો કોના પર વધારે, કોના પર ઓછો ભારતીય નાગરિકોને રાજકારણીઓ, સરકારી મંત્રીઓ, સરકારી કર્મચારીઓ, પોલીસ અને વકીલો ખાસ ભરોસેમંદ જણાતા નથી. ભારતીયોને ડોક્ટરો, શિક્ષકો, સશષા દળો અને વિજ્ઞાનીઓ સૌથી વધુ વિશ્વાસપાત્ર લાગે છે. ભરોસાપાત્ર વ્યવસાયિકોની યાદીમાં એ પછીના નંબરે આવે છે ન્યાયાધીશો અને બેંકરો. સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ (પ્રભાવકો) પર ભરોસો કરવામાં મોટાભાગના ભારતીયો અચકાય છે.

દુનિયાના ૩ર દેશોમાં કરવામાં આવેલા આ સર્વેનું તારણ કહે છે કે તમામ દેશોમાં લોકો સૌથી વધુ ભરોસો ડોક્ટરો પર કરે છે. ભારતમાં ૫૭% લોકોને ડોક્ટરો વિશ્વાસપાત્ર લાગે છે તો વૈશ્વિક સ્તરે આ આંકડો ૫૮% છે. શિક્ષકો માટે ભારતમાં ૫૬ લોકોએ ભરોસો દાખવ્યો છે તો વૈશ્વિક સ્તરે ૫૪% લોકોએ શિક્ષકો પર ભરોસો દર્શાવ્યો છે. વિજ્ઞાનીઓ માટે આ આંકડો અનુક્રમે ૫૪% અને ૫૬ નો છે, તો સશષા દળો માટે આ આંકડો અનુક્રમે ૫૬% અને ૪૩% નો છે. દુનિયાભરના નાગરિકો રાજકારણીઓ, સરકારી મંત્રીઓ, સરકારી કર્મચારીઓ, પોલીસ અને વકીલો કરતાં હોટલ અને રેસ્ટોરન્ટમાં ભોજન પીરસતા વેઈટરો પર વધુ (૪૪%) વિશ્વાસ કરે છે.

રાજ નેતાઓ, સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ, સરકારી મંત્રીઓ, એડ એક્ઝિક્યુટિવ અને બિઝનેસમેન વૈશ્વિક સ્તરે સૌથી ઓછા ભરોસાપાત્ર વ્યવસાયિકો સાબિત થયા છે. વૈશ્વિક સ્તરે ફક્ત ૧૫% લોકો રાજનેતાઓ પર ભરોસો કરે છે, જ્યારે કે ભારતમાં આ આંકડો ૪૦% છે. એડ એક્ઝિક્યુટિવ (જાહેરાત બનાવનારા) પર સમગ્ર વિશ્વમાં માત્ર ૧૭% લોકો વિશ્વાસ કરે છે, જ્યારે કે ભારતમાં ૪૩% લોકો તેમના પર વિશ્વાસ કરે છે.

સર્વેના આંકડા કહે છે કે, અન્ય દેશના નાગરિકો કરતાં ભારતીયો નેતાઓ અને મંત્રીઓ પર વધુ વિશ્વાસ કરે છે. એ હિસાબે જોઈએ તો ભારતીયો ઉદાર દિલના કહેવાય. અલબત્ત, અન્ય વ્યવસાયો સાથે સરખામણી કરવામાં આવે તો એમની તુલનામાં ભારતના લોકો પણ નેતાઓ, મંત્રીઓ અને ધાર્મિક નેતાઓ પર સૌથી ઓછો વિશ્વાસ કરે છે.

### રાહુલ ગાંધીએ નોટબંધી પર ફરી સરકારને બાનમાં લીધી

# નોટબંધી બાદ પણ આજે પણ ભારતમાં રોકડનો ઉપયોગ વધુ છે



### નોટબંધીનો ઉદ્દેશ રોકડ પર નિર્ભરતા ઘટાડવા અને ડિજિટલ ટ્રાન્જેક્શનને વેગ આપવાનો હતો, પરંતુ તેની અસર નહિંવત્ત રહી છે : રાહુલ ગાંધી

નવી દિલ્હી, તા.૯

મોદી સરકારે આઠ નવેમ્બર, ૨૦૧૬માં મધ્ય રાત્રિએ જ ૫૦૦ અને ૧૦૦૦ની નોટો પર પ્રતિબંધ લાદતાં નોટબંધી લાગુ કરી હતી. આમ કરવા પાછળનું કારણ ભ્રષ્ટાચારમાં ઘટાડો અને કાળા નાણાંને બહાર કઢાવવા ઉપરાંત રોકડના સર્ક્યુલેશનમાં ઘટાડો કરવાનો હતું.

સદનમાં વિપક્ષ નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ નોટબંધીને આઠ વર્ષ પૂર્ણ થતાં આ ઐતિહાસિક ઘટનાને ફરી યાદ કરતાં કેન્દ્ર સરકાર પર સકંજો કસ્યો છે. રાહુલ ગાંધીએ જણાવ્યું કે, નોટબંધી બાદ પણ આજે પણ ભારતમાં રોકડનો ઉપયોગ વધુ છે. નોટબંધીનો ઉદ્દેશ રોકડ પર નિર્ભરતા ઘટાડવા અને ડિજિટલ ટ્રાન્જેક્શનને વેગ આપવાનો હતો, પરંતુ તેની અસર નહિંવત્ત રહી છે.

સોશિયલ મીડિયા X પર રાહુલ ગાંધીએ લખ્યું હતું કે, નિષ્ણાતોનું માનવુ છે કે,નોટબંધીથી એમએસએમઈ અને બિનસંગઠિત ક્ષેત્રો પર ઊંડી અસર થઈ છે. જેના કારણે માર્કેટમાં મોટા વેપારોનો એકાધિકાર વધ્યો છે, અને નાના ઉદ્યોગોને નુકસાન થયું છે.


આર્થિક સ્થિતિ અંગે વાત કરતાં ગાંધીએ જણાવ્યું હતું કે, અર્થશાસ્ત્રીઓના મતે દેશમાં ખોટી નીતિઓના કારણે વેપાર જગત માટે ભયનો માહોલ સર્જાયો છે. દેશની આર્થિક ક્ષમતા નબળી પડી છે. આર્થિક વિકાસ રૂંધાયો છે. જેને એવી નીતિની જરૂર છે, જે નિષ્પક્ષતા અને સ્વતંત્રતાને પ્રોત્સાહન આપે અને નાના અને પ્રમાણિક ધંધાઓને વેગ આપે.

૮ નવેમ્બર ૨૦૧૬ની તારીખ દેશમાં એક મોટા નિર્ણય અને પરિવર્તનની સાક્ષી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં નોટબંધીની જાહેરાત કરી હતી. તે જ દિવસની મધરાતથી ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટો ચલણમાંથી બહાર થઈ ગઈ હતી. સરકારના આ નિર્ણયથી દેશમાં ભારે ખળભળાટ મચી ગયો હતો, પરંતુ ત્યારબાદ નવી નોટો કરન્સી માર્કેટનો એક ભાગ બની હતી.

વર્ષ ૨૦૨૨ના એક રિપોર્ટ અનુસાર, નોટબંધી બાદ દેશમાં રોકડનું સર્ક્યુલેશન ૭૧.૮૪ ટકા વધ્યું હતું. જ્યારે ૮ નવેમ્બર ૨૦૧૬ના રોજ નોટબંધીની જાહેરાત કરવામાં આવી હતી, ત્યારે ૪ નવેમ્બર ૨૦૧૬ના રોજ દેશમાં ૧૭.૭ લાખ કરોડ રૂપિયાની રોકડ હતી.

જ્યારે ૨૯ ઓક્ટોબર ૨૦૨૧થી તે વધીને ૨૯.૧૭ લાખ કરોડ રૂપિયા થયુ હતું. ૨૦૨૧માં નોટોના સર્ક્યુલેશનમાં લગભગ ૬૪ ટકાનો વધારો થયો હતો, વર્ષ ૨૦૨૨માં એટલે કે નોટબંધીના છઠ્ઠા વર્ષે નોટનું ચલણ વધી ૭૨ ટકા નોંધાયુ હતું.

# ભારતમાં રહેતી પત્ની પાસેથી બાળકનો કબ્જો મેળવવા માટે પાકિસ્તાની પતિએ કરેલી અરજી હાઈકોર્ટે ફગાવી



અમદાવાદ તા. ૯

ગુજરાત હાઈકોર્ટમાં જસ્ટિસ સંગીતા વિશેણ અને જસ્ટિસ સંજીવ ઠાકરે એક મહત્વપૂર્ણ આદેશમાં એક પાકિસ્તાની નાગરિક પતિં દ્વારા ભારતમાં તેની પત્ની પાસે ચાર વર્ષના બાળકની કસ્ટડી મેળવવા માટે કરેલી હેબિયસ કોર્પ્સ અરજી ફગાવી દીધી હતી.

કેસની વિગતો મુજબ, ભારતીય યુવતી અને કરાચીમાં રહેતા યુવાન માં લગ્ન વર્ષ ૨૦૧૯માં કરાચી ખાતે થયા હતા. લગ્નજીવન દરમિયાન યુગલને એક પુત્રને જનમ આપ્યો હતો. જોકે ત્યારબાદ પતિ-પત્ની વચ્ચે નાની મોટી બાબતે તકરાર થતી હોવાથી પત્ની પોતાના બાળકને લઈ ટુરીસ્ટ વીઝા પર પિયર સુરત ખાતે આવી હતી હતી. આથી પતિ દ્વારા ગાર્ડીયન એન્ડ વોર્ડસ એકટ હેઠળ કરાંચીની ફેમીલી કોર્ટમાં બાળકની કસ્ટડી મેળવવા અરજી દાખલ કરેલી છે અને પત્નીના જવાબ માટે કોર્ટે નોટિસ કાઢી હતી પરંતુ તે ભારતમાં હોવાથી તેને નોટિસ બજી શકી નહોતી.

આથી મહિલાના પતિએ પાવર ઓફ એટર્ની મારફતે ગુજરાત હાઈકોર્ટમાં હેબીયર્સ કોર્પસ અરજી કરી બાળકની કસ્ટડી મેળવવા દાવો કર્યો હતો અને જણાવ્યું હતું કે, તેની પત્ની ગેરકાયદેસર રીતે તેમના બાળકને લઈ ભારતમાં આવી ગઈ છે અને તે તેના સુરત ખાતેના પિયરમાં રહે છે. ભારતમાં આવ્યા બાદ તેણીએ અરજદાર સાથેના વ્યવહારો બંધ કરી દીધા છે અને તેથી અરજદારને બાળકના ભવિષ્યની ચિંતા અને દહેશત છે કે તે કદાચ પાકિસ્તાનમાં પરત નહી આવે. સરકારપક્ષ તરફથી પાકિસ્તાની પતિની અરજીનો વિરોધ કરતાં જણાવાયું કે, બાળક તેની જૈવિક માતાના કબ્જામાં છે અને તેથી તેને ગેરકાયદે ગોંધી રખાયુ હોવાનું કહી ના શકાય. તેથી પાકિસ્તાની નાગરિકની હેબીયર્સ કોર્પસ અરજી ટકી શકે તેમ જ નથી. હાઈકોર્ટે અરજદાર પતિની રિટ અરજી ગ્રાહ્ય રાખવી જોઈએ નહી. બંને પક્ષકારોને સાંભળ્યા બાદ ગુજરાત હાઈકોર્ટ દ્વારા રિટ અરજી જસ્ટિસ ફગાવી દેવામાં આવી હતી.

# ખંભાળિયા માર્કેટિંગ યાર્ડમાં હરાજીનો પ્રારંભ મોટી સંખ્યામાં ખેડૂતો જણસી સાથે ઉમટ્યા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૯

ખંભાળિયામાં આવેલા માર્કેટિંગ યાર્ડમાં દીપોત્સવીના દિવસોમાં એક સપ્તાહ સુધી હરાજીની પ્રક્રિયા બંધ રહ્યા બાદ લાભ પાંચમના શુભ દિવસથી યાર્ડમાં વિવિધ પેદાશોની હરાજીનો વિધિવત રીતે પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં યાર્ડના પ્રમુખ પી.એસ. જાડેજાની આગેવાની હેઠળ યાર્ડના ડાયરેક્ટરો, કમિશન એજન્ટ તેમજ ખેડૂતોની ઉપસ્થિતિમાં શ્રીફળ વધેરીને હરાજી પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. બુધવારે નવા વર્ષે ખુલતી બજારે મોટી સંખ્યામાં ખેડૂતો પોતાની ખેતપેદાશ સાથે હરાજીમાં જોડાયા હતા. આ હરાજી પ્રક્રિયામાં સૌથી વધુ ૯૪૨ ક્વિન્ટલ મગફળીની હરાજી કરવામાં આવી હતી. જેમાં સૌથી વધુ રૂા.૧૧૭૦ તેમજ નીચામાં રૂા.૯૦૦ના ભાવ બોલાયા હતા. આ સાથે ઘઉં, બાજરો, જુવાર, ચણા, જીરૂ સહિતની વિવિધ ખેત જણસીની આવક સાથે હરાજીની પ્રક્રિયા કરાઈ હતી. લાભ પાંચમના શુભ દિવસથી અહીંનું માર્કેટિંગ યાર્ડ ધમધમતું થયું છે. અને મોટી સંખ્યામાં ખેડૂતોની ઉપસ્થિતિમાં હરાજીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

# કલ્યાણપુરના વીરપર ગામેથી અનધિકૃત રીતે ખનીજ ખનન ઝડપાયું : રૂા.૩.૭૫ લાખનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ દ્વારા)



જામ ખંભાળિયા તા.૯

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્થાનિક ગુના શોધક શાખા દ્વારા ગુરૂવારે કરવામાં આવેલી કાર્યવાહીમાં અનઅધિકૃત રીતે બોક્સાઈટની થતી ચોરી ઝડપાઈ હતી. જેમાં ખનીજ સહિત રૂા.૩.૭૫ લાખનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ના પી.એસ.આઈ. આકાશ બારસિયા તથા એસ.એસ. ચૌહાણ અને સ્ટાફ દ્વારા ગુરૂવારે હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન એ.એસ.આઈ. ડાડુભાઈ જોગલ તેમજ પ્રવીણભાઈ માડમને મળેલી ચોક્કસ બાતમીના આધારે કલ્યાણપુર નજીક આવેલા વીરપર ગામની સીમમાં રહેલા સરકારી ખરાબાની જગ્યામાંથી ગેરકાયદેસર રીતે બોક્સાઈટ ખનીજનું ખોદકામ કરી અને બિનવારસુ રીતે સંગ્રહ કરાયો હોવાથી એલ.સી.બી. પોલીસ તેમજ ભૂસ્તર વિજ્ઞાન અને ખાણ ખનીજ વિભાગ દ્વારા દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરીમાં આ સ્થળેથી રૂપિયા ૩.૫૦ લાખની કિંમતના ૩૦૦ ટન જેટલા બોક્સાઈટનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે બોક્સાઈટ તેમજ બોક્સાઈટ ચાળવા માટે લોખંડના ચારણા મળી કુલ રૂપિયા ૩,૭૫,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જો કે આ સ્થળે કોઈ શખ્સ મળી આવ્યો ન હતો.

જે અંગે આગળની કાર્યવાહી કરવામાં આવી હતી. આ સમગ્ર કામગીરી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલ, પી.એસ.આઈ. એ.એલ. બારસિયા, એસ.એસ. ચૌહાણ, એસ.વી. કાંબલીયા, એ.એસ.આઈ. ડાડુભાઈ જોગલ, અરજણભાઈ ચંદ્રવાડીયા, સજુભા જાડેજા, અજીતભાઈ બારોટ, અરજણભાઈ મારૂ, પ્રવીણભાઈ માડમ અને સચિનભાઈ નકુમ દ્વારા કરવામાં આવી હતી.

# દ્વારકાના જાહેર માર્ગ ઉપર એક કારમાં આગ લાગતા અફડા તફડી મચી હતી



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૯

યાત્રાધામ દ્વારકામાં બજારમાં ખારવાદરવાજા સામે ભરચક વિસ્તારમાં એક મારૂતિ ફ્રન્ટી કાર અચાનક આગળના ભાગ ઈન્જિન આગળથી સળગવા લાગી હતી. આગ વધતા આજૂબાજુંમાં ખાણી પીણીની લારીઓ શોપ હોવાથી મોટી સંખ્યામાં લોકો આસપાસ હતા. ત્યારે અફડા તફડીનો માહોલ સર્જાયો હતાં. લોકો એકઠા થયા હતા. દ્વારકા ફાયર ફાયટર સ્ટાફને જાણ કરી બોલાવી આગ બુંજાવી હતી. કાર બહારની હોવાનું જાણવા મલ્યું છે. કારમાં આગ લાગતા સદ નસીબે જાનહાની ટળી હતી.

### પ્રાકૃતિક કૃષિના વ્યાપ માટે કૃષિકારોની સાર્વત્રિક સ્વીકૃતિ નવીન પહેલ

# રાજકોટ જિલ્લા ખેડૂતોનું 'આત્મનિર્ભર ગૌ પ્રાકૃતિક કૃષિ ખેડૂત ગ્રુપ' દ્વારા આમ, વચેટિયા વિના ખેતરથી સીધુ ખાનાર સુધીનો સંકલ્પ સાકાર

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૯

આપણા સ્વાસ્થ્યની સ્વસ્થતાના સુખાયુ અને દિર્ઘાયુ-નિર્માણ માટે તન-મનને સ્વસ્થ અને સંતુલિત રાખવા માટે સારો આહાર કેમ નહીં ? ખાદ્યપદાર્થો આરોગ્યપ્રદ બનાવવા માટે જરૂરી છે પ્રાકૃતિક પદ્ધતિથી ખેતી કરવી. આથી, ગુજરાત સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે, તે દિશામાં પરિણામલક્ષી પ્રયાસો થઈ રહ્યા છે. સાથેસાથે સરકાર તરફથી પ્રાકૃતિક કૃષિ કરવા માટે પ્રોત્સાહન મળતાં કૃષિકારો પોતે પણ પ્રાકૃતિક કૃષિના વ્યાપ માટે આગળ આવ્યા છે. જેના ભાગરૂપે રાજકોટ જિલ્લામાં ખેડૂતોએ આમ, વચેટિયા વિના ખેતરથી સીધુ ખાનાર સુધી ઉત્પાદનોને ઘરે-ઘરે પહોંચાડવાના હેતુસર 'ફેમિલી ફાર્મર'ની નવીન પહેલ હાથ ધરી છે. રાજકોટ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોનું 'આત્મનિર્ભર ગૌ પ્રાકૃતિક કૃષિ ખેડૂત ગ્રુપ' કાર્યરત છે. જેમાં ગ્રાહકને પ્રાકૃતિક પદ્ધતિથી ખેતી કરીને વાવેલા હોય તેવો ઝેરમુક્ત ખાદ્યપદાર્થ પહોંચાડવામાં આવે છે. આમ, વચેટિયા વિના ખેતરથી સીધુ ખાનાર સુધીનો સંકલ્પ સાકાર થાય છે. એટલે કે ગ્રાહકોને ફેમિલી ફાર્મરની સુવિધા મળે છે. ઉપરાંત, આ સમૂહના માધ્યમથી ખેડૂતોને આત્મા પ્રોજેક્ટની તાલીમમાં ભાગ લેવા પ્રોત્સાહન અપાય છે, સરકારી યોજનાની જાણકારી અને તેનો લાભ માટે માર્ગદર્શન અપાય છે, ટેલીગ્રામમાં ઓનલાઈન તાલીમનું આયોજન કરીને નિષ્ણાતોના અનુભવોનો લાભ અપાય છે, ગ્રાહકોનો ભરોસો કેળવવા ફાર્મ વિઝીટ કરાવાઈ છે તેમજ ખેડૂતોના ઉત્પાદનોના વેચાણની વ્યવસ્થા કરાઈ છે. ઉલ્લેખનીય છે કે આ સંગઠનની કામગીરી માટે ૧૧ તાલુકામાં એક-એક ખેડૂતની સંયોજક તરીકે નિમણુંક કરાઈ છે. હાલમાં પ્રાકૃતિક ખેતી કરતા ૬૭ ખેડૂતો સમગ્ર રાજકોટ જિલ્લામાંથી જોડાયેલા છે. ત્યારે તમામ ધરતીપુત્રો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને અપનાવે અને ગ્રાહકો પણ સ્વાસ્થ્યપ્રદ આહારનો આગ્રહ સેવે, તેવો રાજ્ય સરકારનો અનુરોધ છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ધીરજવાન એટલે જ્યાં સુધી ધ્યેયની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી થાક્યા વિના ક્રિયાશીલ રહેનાર મનુષ્ય...

– નીતિ શતક

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.ખોરદાદ-૧૩૯૪, મુ. જમાદુલ અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, કારતક સુદ-૮ દૂર્ગાષ્ટમી, ગોપાષ્ટમી, પંચક (રાત્રે ૧૧:૨૭ ક.થી પ્રારંભ) તા.૯ નવેમ્બર ૨૦૨૪, શનિવાર, પારસી તા.૨૭, મુસ્લિમ તા.૬, શ્રવણ નક્ષત્ર, વૃધ્ધિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૦૨, સૂ.અ.૬:૦૮

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ), રાત્રે ૧૧:૨૭ ક. પછી જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ઉત્સાહભર્યું વાતાવરણ સર્જાય. યશમાં વધારો થાય.
વૃષભ:મનની મુરાદ મનમાં રહે. ગૃહવિવાદ ટાળવો.
મિથુન:ભૌતિક મનોકામના પૂર્ણ થાય. વાણી સંઘર્ષ થાય.
કર્ક: મોશાળપક્ષ તરફથી લાભ મળે. નાણાંકીય સમસ્યાઓ દૂર થાય.
સિંહ: હિતશત્રુઓથી સાવધ રહેવું. કૌટુંબિક સમસ્યાનો સામનો કરવો પડે.
કન્યા: મહત્વના કાર્ય અટકી પડે. મનમાં ઉદ્વેગ રહે.
તુલા: જૂની ઓળખાણથી લાભ મળી જાય. આર્થિક બાબતે શ્રેષ્ઠ દિવસ.
વૃશ્ચિક:આર્થિક લાભ મેળવી શકશો. શુભ સમાચાર મળે.
ધન: અણધાર્યો બનાવ બને. ચિંતા ભર્યો દિવસ વિતે.
મકર: પ્રવાસથી લાભ મળે. અટકેલા કાર્યો પૂર્ણ થાય.
કુંભ: વડીલોથી લાગણી રહે. વાહન-મિલ્કતથી લાભ થાય.
મીન: આનંદમય દિવસ પસાર થાય. આવક-જાવક સરભર રહે.

# વિદ્યાસહાયકોની ભરતીમાં ઉમેદવારોની વયમર્યાદા ઘટાડાતા રોષ

**● જનરલ કેટેગરીમાં પુરૂષોની વયમર્યાદા ૩૬ના બદલે ૩૫ વર્ષ, મહિલાઓની ૪૧ વર્ષના બદલે ૪૦ વર્ષ કરાઈ ● SC, ST, SEBC, EWS કેટેગરીમાં પુરૂષોની વયમર્યાદામાં ઘટાડો કરાયો**

અમદાવાદ, તા.૯

રાજ્યની પ્રાથમિક શાળામાં વિદ્યાસહાયકની ભરતીમાં ઉમેદવારોની વયમર્યાદામાં ઘટાડો કરાયો છે. ૨૦૨૨માં થયેલી ભરતી વખતે ધોરણ-૬થી ૮માં બિન અનામત તથા અનામત કેટેગરીમાં જે વયમર્યાદા નક્કી કરાઈ હતી, તેમાં આ વખતે એક વર્ષનો ઘટાડો કરાયો છે. ૨૦૨૨ની ભરતી વખતે બિન અનામતની વયમર્યાદા ૧૮થી ૩૬ વર્ષ રાખવામાં આવી હતી. જોકે, આ વખતે વયમર્યાદા ઘટાડી ૧૮થી ૩૫ વર્ષ કરી દેવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની ભરતીમાં હાલમાં ઓનલાઈન રજિસ્ટ્રેશનની કાર્યવાહી ચાલી રહી છે. ભરતીમાં ધોરણ-૧થી ૫માં ગુજરાતી માધ્યમમાં અંદાજીત ૫ હજાર જગ્યાઓ માટે ભરતી કરાશે. જ્યારે ધોરણ-૬થી ૮માં ગુજરાતી માધ્યમમાં ૭ હજાર જગ્યા ઉપર ભરતી કરવામાં આવનાર છે. જ્યારે ધોરણ-૧થી ૮માં ગુજરાતી સિવાયના અન્ય માધ્યમમાં ૧૮૫૨ જગ્યા પર ભરતી કરાશે. ભરતી માટે ઓનલાઈન અરજી પત્રક વેબસાઈટ ઉપર ૭ નવેમ્બરથી ૧૬ નવેમ્બર સુધી ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આમ, ધોરણ-૬થી ૮માં ભરતી માટે ઉમેદવારોની વયમર્યાદામાં ઘટાડો કરવામાં આવતા નારાજગી જોવા મળે છે. આ અગાઉ શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૬થી ૮માં ૨૦૨૨માં નવેમ્બરમાં ભરતીની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે હવે બે વર્ષ પછી ૨૦૨૪માં નવેમ્બરમાં ભરતીની કાર્યવાહી હાથ ધરાઈ રહી છે. ૨૦૨૨ વખતે બિન અનામત કેટેગરીમાં પુરૂષોની વયમર્યાદા ૧૮ વર્ષથી ૩૬ વર્ષ નક્કી કરાઈ હતી. જ્યારે આ વખતે તેમાં એક વર્ષનો ઘટાડો કરી ૧૮ વર્ષથી ૩૫ વર્ષ કરી દેવામાં આવી છે. આ જ રીતે બિન અનામત કેટેગરીમાં મહિલાઓની વયમર્યાદા ૨૦૨૨ વખતે ૧૮ વર્ષથી ૪૧ વર્ષ વચ્ચેની નક્કી કરાઈ હતી. જોકે, તેમાં પણ ઘટાડો કરી આ વખતે ૧૮ વર્ષથી ૪૦ વર્ષ નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત SC, ST, SEBC, EWS કેટેગરીમાં પણ પુરૂષો માટેની વયમર્યાદામાં ઘટાડો કરવામાં આવ્યો છે. ૨૦૨૨ વખતે આ તમામ કેટેગરીમાં પુરૂષો માટેની વયમર્યાદા ૧૮ વર્ષથી ૪૧ વર્ષની નક્કી કરવામાં આવી હતી. જોકે, આ વખતે ઘટાડો કરી વયમર્યાદા ૧૮ વર્ષથી ૪૦ વર્ષની કરી દેવામાં આવી છે. જોકે, આ જ કેટેગરીમાં મહિલાઓ માટેની વયમર્યાદામાં કોઈ ફેરફાર કરાયો નથી. મહિલાઓ માટે ૨૦૨૨ની જેમ આ વખતે પણ ૧૮ વર્ષથી ૪૫ વર્ષની વયમર્યાદા રાખવામાં આવી છે.

## આર્ટિકલ ૩૭૦ પર શરદ પવાર અને કોંગ્રેસને પડકાર

# તમારી ચાર પેઢીઓ પણ આવશે તો પણ આર્ટિકલ ૩૭૦ પાછું નહીં આવે : શાહ



(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૯

જેમ જેમ ચૂંટણીની તારીખ નજીક આવી રહી છે, તેમ તેમ મહારાષ્ટ્રનું રાજકીય તાપમાન વધી રહ્યું છે. કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધીના મ્ત્રૅ પર કરેલા હુમલા બાદ હવે અમિત શાહે જવાબ આપ્યો છે. અમિત શાહે શુક્રવારે (૮ નવેમ્બર ૨૦૨૪) રાહુલ ગાંધી, કોંગ્રેસ અને મહાવિકાસ અઘાડી ગઠબંધન પર જોરદાર હુમલો કર્યો. સાંગલીમાં એક જનસભાને સંબોધતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "હું MVA વાળાને પૂછવા આવ્યો છું કે ઔરંગાબાદનું નામ સંભાજી નગર હોવું જોઈએ કે નહીં?"

અમિત શાહે તેમના ભાષણમાં જમ્મુ કાશ્મીર વિધાનસભામાં ગુરુવારે થયેલા હંગામાનો ઉલ્લેખ કરતા કહ્યું કે શરદ પવાર અને કોંગ્રેસવાળા કલમ ૩૭૦નું સમર્થન કરે છે. હું આ લોકોને સ્પષ્ટ કરી દેવા માંગુ છું કે તમારી ચાર પેઢીઓ પણ આવશે તો પણ આર્ટિકલ ૩૭૦ પાછું નહીં આવે. અમિત શાહ અહીં જ અટક્યા નહીં. તેમણે રામ મંદિરનો ઉલ્લેખ કરીને કોંગ્રેસ પાર્ટી પર હુમલો કર્યો. તેમણે કહ્યું કે કોંગ્રેસ પાર્ટી ૭૫ વર્ષથી રામ મંદિરને લટકાવી રહી હતી. રાહુલ ગાંધી અયોધ્યા નથી ગયા, તેમને વોટ બેંકનો ડર લાગે છે. અમે BJP વાળા વોટ બેંકથી નથી ડરતા. અમે કાશી વિશ્વનાથનો કોરિડોર પણ બનાવ્યો, સોમનાથનું મંદિર પણ સોનાનું બની રહ્યું છે. તેમણે આગળ કહ્યું કે અહીં તુષ્ટિકરણની રાજનીતિ ચાલી રહી છે, તેને રોકવાનો એકમાત્ર રસ્તો BJPની સરકાર છે, મહાયુતિની સરકાર છે. સતારાના કરાડમાં અમિત શાહે કહ્યું કે આખા દેશને શિવાજી મહારાજ પર ગર્વ છે. સતારા જિલ્લો વીરોની ભૂમિ રહી છે. રાહુલ બાબા અગ્નિવીર અંગે જૂઠ ફેલાવી રહ્યા છે. તમે તેમના ભ્રમમાં ના આવશો. તેમણે આગળ કહ્યું, "રાહુલ બાબા, અમારા વચનો તમારી જેમ નથી હોતા. નરેન્દ્ર મોદી જે કહે છે તે કરે છે. BJPનું વચન પથ્થર પર લીટી છે. કર્ણાટક, હિમાચલ, તેલંગાણા ચૂંટણીમાં તમે વચનોનો પિટારો ખોલ્યો અને ચૂંટણી જીતી ગયા, હવે તો ખરગે જી પણ કહે છે કે સંભાળીને વચન આપો, પૂરું નથી થતું.

# પ્રથમ વખત ભારતીય અધિકારીની તાલિબાનના સંરક્ષણ પ્રધાન સાથે ચર્ચા




નવી દિલ્હી, તા.૯

અફઘાનિસ્તાન સાથેના સંબંધોમાં નોંધપાત્ર વિકાસમાં ભારતે તાલિબાનના કાર્યકારી સંરક્ષણ પ્રધાન મોહમ્મદ યાકુબ મુજાહિદ સાથે તેની પ્રથમ બેઠક યોજી, જે જૂથના પૂર્વ સર્વોચ્ચ નેતા અને ૧૯૯૬થી ૨001 સુધી અફઘાનિસ્તાનના અમીર મુલ્લા ઓમરના પુત્ર પણ છે. ભારત ૨૦૨૧માં કાબુલ ઉપર કબજો કર્યા પછી જે નામ હેઠળ તાલિબાન દેશ ઉપર શાસન કરે છે તેવા અફઘાનિસ્તાનના ઈસ્લામિક અમીરાત સાથે સંબંધો દૃઢ કરવા માંગતુ હોવાથી યાકુબ અને પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ઈરાન સંબંધી બાબતો સંભાળતા વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ જે.પી. સિંઘ વચ્ચેની બેઠક કાબુલમાં યોજાઈ હતી. ભારતીય અધિકારી તાલિબાનના કાર્યવાહક વિદેશપ્રધાન અમીરખાન મુત્તાકી અને અફઘાનિસ્તાનના પૂર્વ પ્રમુખ હામિદ કરઝાઈને પણ મળ્યા હતા, જે આ વર્ષે કાબુલની તેમની બીજી મુલાકાત હતી. તાલિબાન સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, આ બેઠકમાં બંને પક્ષોએ દ્વિપક્ષીય સંબંધોને વિસ્તૃત કરવાની તેમની સામાન્ય ઈચ્છા ઉપર ભાર મૂક્યો, ખાસ કરીને માનવતાવાદી સહયોગ અને અન્ય મુદ્દાઓમાં અને અફઘાનિસ્તાન અને ભારત વચ્ચે વધુ આદાન પ્રદાનને મજબૂત કરવા માટે તેમની રૂચિ દર્શાવી. નામ ન આપવાની શરતે વાત કરી હતી તેવા એક અફઘાન અધિકારીના જણાવ્યા અનુસાર આ બેઠક એ સંકેત આપે છે કે, ભારત કાબુલ સરકારને સત્તાવાર રીતે માન્યતા આપ્યા વિના દેશને માત્ર તેની માનવતાવાદી સહાય જ નહીં, પરંતુ પુનઃ નિર્માણના પ્રયાસોમાં પણ મદદ કરવા માટે તૈયાર છે. તાલિબાન તરફથી વારંવારની ખાતરીઓ, જેમાં ચાલુ મુલાકાત દરમ્યાનનો સમાવેશ થાય છે કે, તેઓ ભારત વિરુદ્ધ અફઘાન વિસ્તારનો ઉપયોગ કરવા દેશે નહીં, તેનાથી ભારતને ખાતરી થઈ ગઈ હોય તેમ લાગે છે કે, કાબુલ સાથે જોડાણને વધુ ગાઢ બનાવવાનો આ યોગ્ય સમય હોઈ શકે છે. યાકુબે ભૂતકાળમાં ભારત સાથે મજબૂત સંબંધોની આશા વ્યક્ત કરી હતી, જેનાથી સંરક્ષણ ક્ષેત્રે પણ સહકાર વધ્યો હતો. તાલિબાન નવી દિલ્હીમાં અફઘાન દૂતાવાસમાં તાલિબાનના વિદેશ મંત્રાલયના રાજદ્વારીની નિમણૂકની મંજૂરી આપવા માટે એમ કહીને ભારત ઉપર દબાણ કરી રહ્યું છે કે, ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેના સંબંધો બંને દેશો અને લોકો માટે મહત્ત્વપૂર્ણ છે. મજાની વાત એ છે કે, તાલિબાનની પ્રવૃત્તિઓ પર મતભેદોને કારણે પાકિસ્તાન સાથે તાલિબાનના સંબંધો સતત કથળી રહ્યા છે.

## મમતા બેનરજી માટે રાહત...

# સુપ્રીમ કોર્ટે ગુજરાતના બેસ્ટ બેકરી કેસની જેમ કોલકાતા બળાત્કાર-હત્યા કેસ પ.બંગાળની બહાર ટ્રાન્સફર કરવાનો ઈન્કાર કર્યો

**સુપ્રીમ કોર્ટે આરજી કર કેસમાં સીબીઆઈના સ્ટેટસ રિપોર્ટની સમીક્ષા કરી અને તેમને ચાર અઠવાડિયા પછી નવો રિપોર્ટ રજૂ કરવા કહ્યું હતું. સર્વોચ્ચ અદાલતે કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં બળાત્કાર અને હત્યાના કેસના સંબંધમાં સીબીઆઈ દ્વારા દાખલ કરાયેલ છઠ્ઠા સ્ટેટસ રિપોર્ટની પણ તપાસ કરી અને તપાસ ચાલુ હોવાનું કહીને અવલોકનો કરવાનું ટાળ્યું હતું.**

નવી દિલ્હી, તા. ૯

સુપ્રીમ કોર્ટે ગુરૂવારે કોલકાતામાં એક ડૉક્ટર સાથે સંબંધિત બળાત્કાર અને હત્યાના કેસને પશ્ચિમ બંગાળની બહાર ટ્રાન્સફર કરવાનો ઈન્કાર કર્યો હતો. મુખ્ય ન્યાયાધીશ ડી વાય ચંદ્રચુડની બેન્ચે જણાવ્યું હતું કે ટ્રાયલ કોર્ટના જજ પાસે પુરાવાઓની તપાસ કર્યા પછી જરૂરી લાગે ત્યારે બીજી તપાસનો આદેશ આપવા માટે પૂરતી સત્તા છે. સર્વોચ્ચ અદાલતે કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં બળાત્કાર અને હત્યાના કેસના સંબંધમાં સીબીઆઈ દ્વારા દાખલ કરાયેલ છઠ્ઠા સ્ટેટસ રિપોર્ટની પણ તપાસ કરી, અને તપાસ ચાલુ હોવાનું કહીને અવલોકનો કરવાનું ટાળ્યું હતું. સર્વોચ્ચ અદાલતે નોંધ્યું હતું કે કોલકાતાની અદાલતે મુખ્ય આરોપી સંજય રોય સામે ૪ નવેમ્બરે આરોપો ઘડ્યા હતા અને ૧૧ નવેમ્બરથી આ કેસમાં દૈનિક સુનાવણી શરૂ થશે. આ સુનાવણી દરમિયાન, આરોગ્ય વ્યવસાયિકોની સલામતી પર પ્રોટોકોલ બનાવવા માટે રચાયેલ રાષ્ટ્રીય ટાસ્ક ફોર્સ (NTF) એ સુપ્રીમ કોર્ટમાં પોતાનો અહેવાલ રજૂ કર્યો હતો. સર્વોચ્ચ અદાલતે દ્દ્વના અહેવાલને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે શેર કરવાનો નિર્દેશ આપ્યો હતો અને ચાર અઠવાડિયા પછી સુનાવણી પોસ્ટ કરી હતી. સર્વોચ્ચ અદાલતે ૧૫ ઓક્ટોબરે પશ્ચિમ બંગાળ સરકારને રાજ્યમાં નાગરિક સ્વયંસેવકોની ભરતી પર સવાલ ઉઠાવ્યા હતા અને તેમની ભરતી અને નિમણૂક પ્રક્રિયા પર ડેટા માંગ્યો હતો. સર્વોચ્ચ અદાલતે ૩૦ સપ્ટેમ્બરના રોજ સરકારી મેડિકલ કોલેજોમાં અલગ આરામ ખંડ સિવાય CCTV સ્થાપિત કરવા અને શૌચાલય બનાવવાની રાજ્યની "વિલંબિત" પ્રગતિ પર અસંતોષ વ્યક્ત કર્યો હતો અને તેને ૧૫ ઓક્ટોબર સુધીમાં પૂર્ણ કરવાનો આદેશ આપ્યો હતો. ૧૭ સપ્ટેમ્બરના રોજ, અદાલતે આ કેસમાં સીબીઆઈના સ્ટેટસ રિપોર્ટના તારણો પર નારાજગી વ્યક્ત કરી હતી. તેની સમક્ષ મૂકવામાં આવેલા રેકોર્ડમાંથી અને રાજ્ય સરકાર પાસેથી અહેવાલ માંગ્યો હતો. ૨૨ ઓગસ્ટના રોજ, સર્વોચ્ચ અદાલતે મૃતકના અકુદરતી મૃત્યુના કેસની નોંધણી કરવામાં વિલંબ પર કોલકાતા પોલીસની ટીકા કરી હતી અને ઘટનાઓના ક્રમ અને તેની પ્રક્રિયાગત ઔપચારિકતાઓના સમયને ધ્યાનમાં રાખીને તેને "અત્યંત વિક્ષેપજનક" ગણાવ્યું હતું. ડોકટરો અને અન્ય

હેલ્થકેર પ્રોફેશનલ્સની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પ્રોટોકોલ ઘડવા માટે સર્વોચ્ચ અદાલતે ૧૦-સભ્યોની એનટીએફની રચના કરી હતી. આ ઘટનાને ભયાનક ગણાવતા, સર્વોચ્ચ અદાલતે ફ્ઌંઈ દાખલ કરવામાં કથિત વિલંબ અને હજારોની ભીડને રાજ્ય સંચાલિત સુવિધામાં તોડફોડ કરવાની મંજૂરી આપવા બદલ રાજ્ય સરકારની નિંદા કરી હતી. પ્રારંભિક તપાસમાં ગુનાના બીજા દિવસે કોલકાતા પોલીસ દ્વારા નાગરિક સ્વયંસેવકની ધરપકડ કરવામાં આવી હતી. ૧૩ ઓગસ્ટના રોજ, કલકત્તા હાઈકોર્ટે કોલકાતા પોલીસ પાસેથી તપાસ સીબીઆઈને ટ્રાન્સફર કરવાનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે આરજી કાર કેસમાં સીબીઆઈના સ્ટેટસ રિપોર્ટની સમીક્ષા કરી અને તેમને ચાર અઠવાડિયા પછી નવો રિપોર્ટ રજૂ કરવા કહ્યું હતું.

# ગૌરવ ગોગોઈએ આસામની PM-કિસાન યોજનાના ફંડમાં મોટા પાયે ગેરરીતિનો આરોપ લગાવ્યો

નવી દિલ્હી તા. ૯

કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ તાજેતરના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG)ના અહેવાલના તારણોને ટાંકીને આસામમાં પીએમ-કિસાન યોજના હેઠળ ભંડોળના મોટા પાયે ગેરરીતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે. ઠ પરની એક પોસ્ટમાં તેમણે યોજના હેઠળ વિતરિત કરાયેલા રૂા.૫૬૭ કરોડમાંથી ભંડોળની નજીવી વસૂલાતને ટાંકીને "ડબલ- એન્જિન" ભાજપ સરકાર પર ગંભીર ગેરવહીવટનો આરોપ મૂક્યો હતો. CAG ઓડિટમાં વ્યાપક છેતરપિંડી અને બેદરકારીનો ખુલાસો થયો હતો, જેમાં અયોગ્ય લાભાર્થીઓ દ્વારા ૫૬૭ કરોડ રૂપિયાનો દાવો કરવામાં આવ્યો હતો. વિતરિત કરવામાં આવેલી નોંધપાત્ર રકમમાંથી માત્ર ૦.૨૪ ટકા જ વસૂલ ગૌરવ ગોગોઈએ આસામની PM-કિસાન યોજનાના ફંડમાં મોટા પાયે ગેરરીતિનો આરોપ લગાવ્યો કરવામાં આવી છે, જે સરકારની જવાબદારી અને આસામના ખેડૂતો માટેના તેના સમર્થન અંગે ચિંતા ઊભી કરે છે. ગોગોઈએ ખેડૂતોના યોગ્ય હકનું રક્ષણ કરવામાં નિષ્ફળતા બદલ વહીવટીતંત્રની ટીકા કરી હતી અને દાવો કર્યો હતો કે તેઓ નિર્ણાયક નાણાકીય સહાયથી વંચિત હતા. CAG અનુસાર જેણે ડિસેમ્બર ૨૦૧૮થી માર્ચ ૨૦૨૧માં તેની શરૂઆતથી યોજનાનું મૂલ્યાંકન કર્યું હતું, દેખરેખ અને ચકાસણીમાં ગંભીર ક્ષતિઓએ સમગ્ર રાજ્યમાં કાર્યક્રમની અસરકારકતા સાથે ચેડા કર્યા હતા. તેનો અહેવાલ દર્શાવે છે કે ૪૧,૮૭,૦૨૩ અરજીઓમાંથી, લગભગ ૨૫ ટકા કુલ ૧૦,૬૬,૫૯૩ને પાત્રતાની આવશ્યકતાઓને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહેવા બદલ નકારી કાઢવામાં આવી હતી.

# GATE ટોપર મહિલાએ ઉચ્ચ પગારવાળી નોકરી છોડી IAS અધિકારી બનવા માટે UPSC પરીક્ષા પાસ કરી

નવી દિલ્હી, તા.૯

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) પરીક્ષા એ ભારતમાં સૌથી અઘરી પરીક્ષા છે, જે દર વર્ષે લાખો ઉમેદવારોને આકર્ષે છે. ઉમેદવારો તેને પાસ કરી અને IAS અધિકારી બની પ્રતિષ્ઠિત ભૂમિકા હાંસલ કરવા ઈચ્છે છે. કઠોર ધોરણોને જોતાં, લાખોમાંથી માત્ર પસંદગીના અમુક જ ઉમેદવારો જ સફળ થાય છે. આ લેખૈંછજી અધિકારી અંકિતા જૈન વિશે છે, જેણે ૨૦૨૦ UPSC પરીક્ષામાં પ્રભાવશાળી અખિલ ભારતીય ક્રમાંક ૩ મેળવીને નોંધપાત્ર સફળતા હાંસલ કરી હતી. કોમ્પ્યુટર સાયન્સમાં બી.ટેક સ્નાતક થયેલી અંકિતા સિવિલ સર્વિસમાં કારકિર્દી બનાવવાનું નક્કી કરતા પહેલા ખાનગી ક્ષેત્રમાં કામ કરતી હતી. તેની યાત્રા પડકારો વિનાની ન હતી. તેણી તેના પ્રથમ પ્રયાસમાં સફળ થઈ ન હતી અને જ્યારે તેણે તેના બીજા પ્રયાસમાં પરીક્ષા પાસ કરી હતી, ત્યારે તેણે તેનો ઈચ્છિત ક્રમ પ્રાપ્ત કર્યો ન હતો. આ હોવા છતાં, અંકિતા મક્કમ રહી અને તેના ચોથા પ્રયાસમાં તેણે UPSC પરીક્ષામાં ત્રીજો ક્રમ મેળવ્યો. ઉલ્લેખનીય છે કે, અંકિતા ૨૦૧૬માંય્દ્બઈ ટોપર પણ હતી. મૂળ આગ્રાની અંકિતાએ દિલ્હી ટેક્નોલોજીકલ યુનિવર્સિટીમાંથી સ્નાતક કર્યું છે. તેના પતિ એક IPS અધિકારી છે, તેણે જાહેર સેવામાં તેની પ્રેરણાદાયી યાત્રામાં એક અનોખો પરિમાણ ઉમેર્યો છે.

# રાત્રે ઠંડીનો જ્યારે બપોરે ગરમીનો લોકોને અહેસાસ

અમદાવાદ, તા.૯

ગુજરાતમાં હવામાન સતત બદલાઈ રહ્યું છે, રાજ્યના લોકો હવામાનના બેવડા રૂપનો અનુભવ કરી રહ્યા છે. બપોરના સમયે આખો દિવસ લોકોને ગરમી પરેશાન કરતી હોય છે, ત્યારે રાત્રે લોકોને ઠંડીનો ચમકારો જોવા મળતો હોય છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં રાત્રિના સમયે તાપમાનમાં ઘટાડો થાય છે અને ઠંડી પડે છે. સાથે જ બપોરના સમયે તાપમાનમાં વધારો થતાં ગરમીનો અહેસાસ થવા લાગે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૫-૭ દિવસ સુધી રાજ્યના તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની કોઈ સંભાવના જોવા મળતી નથી. હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે.દાસના જણાવ્યા અનુસાર, આગામી ૭ દિવસ સુધી રાજ્યમાં ગરમીની તીવ્રતા યથાવત રહેશે. તાજેતરમાં ગુજરાતમાં ઉત્તર-પૂર્વ અને પૂર્વ દિશામાંથી પવન ફૂંકાઈ રહ્યો છે. જેના કારણે વાતાવરણ શુષ્ક રહે છે. આગામી ૭ દિવસ સુધી હવામાનમાં કોઈ ફેરફાર થવાની સંભાવના નથી.

# ભાજપનો ગ્રાફ નીચે જઈ રહ્યો છે, ઈન્ડિયા બ્લોક મહારાષ્ટ્ર, ઝારખંડમાં સરકારો બનાવશે : પાયલોટ

**રાજસ્થાનના પૂર્વ ડેપ્યુટી CMએ ભાજપના નેતાઓ પર ચૂંટણી પ્રચાર દરમિયાન 'નિમ્ન કક્ષાની ભાષા'નો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે**

નવી દિલ્હી તા. ૯

કોંગ્રેસના વરિષ્ઠ નેતા સચિન પાયલોટે દાવો કર્યો હતો કે, ભાજપની લોકપ્રિયતામાં ઘટાડો થઈ રહ્યો છે કારણ કે, લોકો તેની 'નીતિઓ' અને 'એજન્સીના દુરૂપયોગ'થી કંટાળી ગયા છે અને તેમણે આગામી મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીમાં ઈન્ડિયા બ્લોકની જીતની આગાહી કરી હતી. પાયલોટે મધ્યપ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ જિતેન્દ્ર (જીતુ) પટવારીના નિવાસસ્થાને પત્રકારોને જણાવ્યું હતું, સમગ્ર દેશમાં ભાજપનો ગ્રાફ ઘટી રહ્યો છે અને ઈન્ડિયા જૂથ મહારાષ્ટ્ર અને ઝારખંડમાં આગામી ચૂંટણી જીતશે. હું જમશેદપુર (ઝારખંડ) ગયો છું અને તે રાજ્યમાં એકતરફી લહેર પ્રવર્તી રહી છે. આ બેઠકમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભાના સાંસદ વિવેક

ટંખા પણ હાજર હતા. રાજસ્થાનની સરહદે આવેલા શ્યોપુર જિલ્લાના વિજયપુર વિધાનસભા ક્ષેત્રમાં ૧૩ નવેમ્બરની પેટાચૂંટણીમાં કોંગ્રેસ માટે પ્રચાર કરવા પાયલટ ભોપાલ પહોંચ્યા હતા. રાજસ્થાનના પૂર્વ નાયબ મુખ્યપ્રધાને ૨૦૨૪ની લોકસભા ચૂંટણી દરમિયાન પીએમ નરેન્દ્ર મોદી દ્વારા 'મંગલસૂત્ર છીનવી લેવા' અને 'તમારી ભેંસ છીનવી લેવા' અને ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ દ્વારા તાજેતરમાં 'બટેંગે તો કટંગે (જો વિભાજિત કરવામાં આવે તો સમાપ્ત થઈ જઈશું)' જેવી ટિપ્પણીઓનો ઉલ્લેખ કરતા ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપના નેતાઓ પર 'નીચલી કક્ષાની ભાષા'નો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે કહ્યું, કોંગ્રેસ 'પઢેંગે તો બધેંગે (અભ્યાસ કરીશું તો પ્રગતિ કરીશું)' જેવા સકારાત્મકતાના નારા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમણે કહ્યું, આ પ્રકારની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવું જોઈએ. દેશના લોકો હવે ભાજપની સત્તા અને કેન્દ્રીય એજન્સીઓના દુરૂપયોગ અને ધ્રુવીકરણથી કંટાળી ગયા છે.

પાયલોટે ઝારખંડમાં હેમંત સોરેન અને દિલ્હીમાં અરવિંદ કેજરીવાલની ધરપકડ પર પણ ભાજપની ટીકા કરી હતી અને તેના પર રાજકીય લાભ માટે કેન્દ્રીય એજન્સીઓનું શોષણ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી, વર્તમાન પક્ષના વડા મલ્લિકાર્જુન ખડગે અને વિપક્ષી ઈન્ડિયા જૂથના નેતાઓ દેશને મજબૂત બનાવવા માટે કામ કરી રહ્યા છે અને એમપીમાં પેટાચૂંટણીના પરિણામો ૨૦૨૮ની રાજ્યવ્યાપી વિધાનસભા ચૂંટણી પર તેમની છાપ છોડી દેશે.

વિજયપુર ઉપરાંત બુધની સેગમેન્ટમાં પણ ૧૩ નવેમ્બરે પેટાચૂંટણી યોજાશે, જેનું પ્રતિનિધિત્વ પૂર્વ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ કરે છે. ૨૩ નવેમ્બરે મત ગણતરી થશે. કેરળના વાયનાડ કે જ્યાંથી કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા તેમની પ્રથમ લોકસભા ચૂંટણી લડી રહ્યા છે સહિત વિવિધ રાજ્યોની પેટાચૂંટણીના પરિણામો અને ઝારખંડ અને મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણીઓ કોંગ્રેસ માટે સંતોષકારક રહેશે અને પરિણામો આનાથી વધુ પ્રભાવિત થશે. પાયલોટે જણાવ્યું હતું કે, ભવિષ્યની ચૂંટણીઓ પર તેની સીધી અસર પડશે. વિજયપુરમાં કોંગ્રેસે વરિષ્ઠ આદિવાસી નેતા મુકેશ મલ્હોત્રાને મેદાનમાં ઉતાર્યા છે. આ વર્ષની શરૂઆતમાં લોકસભાની ચૂંટણી દરમિયાન કોંગ્રેસના વર્તમાન ધારાસભ્ય રામનિવાસ રાવત ભાજપમાં જોડાયા બાદ પેટાચૂંટણીની જરૂર પડી હતી. તેઓ ભાજપની ટિકિટ પર પેટાચૂંટણી લડી રહ્યા છે. રાવત ૧૯૯૦, ૧૯૯૩, ૨૦૦૩, ૨૦૦૮, ૨૦૧૩ અને ૨૦૨૩માં કોંગ્રેસના ઉમેદવાર તરીકે છ વખત વિજયપુરથી જીત્યા હતા. કોંગ્રેસ અને અન્ય પક્ષોએ આયોજનબદ્ધ રીતે ઝારખંડમાં ઘૂસણખોરીને પ્રોત્સાહન આપ્યું હોવાના ભાજપના આક્ષેપ અંગેના પ્રશ્નના જવાબમાં પાયલોટે પૂછ્યું, દેશની સરહદોની સુરક્ષા માટે કોણ જવાબદાર છે ? તેઓ

પોતાની જવાબદારીઓથી દૂર રહીને આરોપો લગાવી રહ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે, ભાજપ માત્ર મતો માટે ચૂંટણી પહેલા 'એક ચૂંટણી, એક રાષ્ટ્ર', ગાય અને દેવતા જેવા મુદ્દા ઊઠાવે છે અને ઔદ્યોગિકીકરણ, નોકરીઓ, રસ્તાઓ અને પાણી જેવા ક્ષેત્રોમાં તેના પ્રદર્શન વિશે ક્યારેય વાત કરતી નથી. મફતના કલ્ચર અને પૂર્વ સીએમ ચૌહાણની લોકપ્રિય લાડલી બેહના યોજના વિશે પૂછવામાં આવતા પાયલોટે પૂછ્યું કે, જો આ યોજના એટલી સારી હતી તો શા માટે ચૌહાણને સીએમ પદેથી દૂર કરવામાં આવ્યા. પાયલોટે કહ્યું કે, એક તરફ ભાજપ ફ્રિબીઝને રેવડી ગણાવે છે અને બીજી તરફ દેશના ૮૦ કરોડ લોકોને મફત રાશન આપવાનો શ્રેય લેવા માંગે છે. તેમણે કટાક્ષ કર્યો કે, જ્યારે કોંગ્રેસ અને અન્ય પક્ષો સમાજના વંચિત વર્ગોને મદદ કરવા માંગે છે, ત્યારે તેને રેવડિયાન કહેવામાં આવે છે, હકીકત એ છે કે, જ્યારે તેઓ આવી વસ્તુઓ કરે છે ત્યારે તેઓ પોતાને અન્નદાતા (પ્રદાતા) [illegible]

(અનુ. છઠ્ઠા પાને.)

# ગિરનાર પરિક્રમા માટે રાજકોટ - જૂનાગઢ અને વેરાવળ - ગાંધીગ્રામ વચ્ચે સ્પેશયલ ટ્રેનો શરૂ

## બંને ટ્રેનોનું એડવાન્સ રિઝર્વેશન શરૂ : ડેઈલી ઉપડશે : ૧૮મી સુધી ચાલશે



રાજકોટ,તા. ૯

જૂનાગઢમાં પરિક્રમા મેળા દરમિયાન મુસાફરોના ધસારાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ મુસાફરોની સુવિધા માટે વેરાવળ-ગાંધીગ્રામ અને રાજકોટ-જૂનાગઢ સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે.

ટ્રેન નંબર ૦૯૫૫૬ વેરાવળ-ગાંધીગ્રામ વિશેષ ટ્રેન વેરાવળથી ૨૧.૨૦ કલાકે ઉપડી બીજા દિવસે સવારે ૮.૦૦ કલાકે ગાંધીગ્રામ પહોંચશે. આ ટ્રેન માળીયા હાટીના, કેશોદ, જૂનાગઢ, જેતલસર, વિરપુર, ગોંડલ, ભક્તિનગર, રાજકોટ, વાંકાનેર, થાન, સુરેન્દ્રનગર જંકશન, બોટાદ, ધંધુકા, ધોળકા, બાવળા અને સરખેજ સ્ટેશન પર ઉભી રહેશે.

આ ટ્રેનમાં સ્લીપર અને જનરલ કોચ હશે. આ ટ્રેનના જનરલ કોચ અને SLRD કોચ અનરિઝર્વ્ડ હશે, જેની ટિકિટ્ં જી કાઉન્ટર પરથી મળશે અને આ કોચમાં સુપરફાસ્ટ મેલ/એક્સપ્રેસનું ભાડું વસૂલવામાં આવશે. આ ટ્રેન ઉપરોક્ત સમય મુજબ દરરોજ ૦૮.૧૧.૨૦૨૪ થી ૧૮.૧૧.૨૦૨૪ સુધી ચાલશે. ટ્રેન નંબર ૦૯૫૫૫ ગાંધીગ્રામ-વેરાવળ વિશેષ ટ્રેન ગાંધીગ્રામથી સવારે ૧૦.૧૦ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે સાંજે ૧૭.૪૦ વાગ્યે વેરાવળ પહોંચશે. આ ટ્રેન રૂટમાં સરખેજ, બાવળા, ધોળકા, ધંધુકા, બોટાદ, ધોળા, ધસા, લાઠી, ચિતલ, વડીયા દેવળી, જેતલસર, જૂનાગઢ, કેશોદ અને માળીયા હાટીના સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં સ્લીપર અને જનરલ કોચ હશે. આ ટ્રેનમાં સ્લીપર અને જનરલ કોચ પણ હશે.

આ ટ્રેનના જનરલ કોચ અનરિઝર્વ્ડ હશે, જેની ટિકિટ્ં જી કાઉન્ટર પરથી મળશે અને આ કોચમાં સુપરફાસ્ટ મેલ/એક્સપ્રેસનું ભાડું વસૂલવામાં આવશે. આ ટ્રેન ઉપરોક્ત સમય મુજબ દરરોજ ૦૯.૧૧.૨૦૨૪ થી ૧૯.૧૧.૨૦૨૪ સુધી ચાલશે. રાજકોટ-જૂનાગઢ સ્પેશિયલ ટ્રેન ટ્રેન નંબર ૦૯૫૭૯ રાજકોટ-જૂનાગઢ સ્પેશિયલ ટ્રેન રાજકોટ સ્ટેશનથી સવારે ૧૦.૫૫ કલાકે ઉપડશે અને બપોરે ૧૩.૦૦ કલાકે જૂનાગઢ પહોંચશે. એ જ રીતે, બદલામાં, ટ્રેન નંબર ૦૯૫૮૦ જૂનાગઢ-રાજકોટ સ્પેશિયલ ટ્રેન જૂનાગઢથી ૧૩.૪૦ કલાકે ઉપડશે અને ૧૭.૦૫ કલાકે રાજકોટ પહોંચશે. ઉપરોક્ત બંને ટ્રેનો બંને દિશામાં ભક્તિનગર, ગોંડલ, ગોમટા, વીરપુર, નવાગઢ, જેતલસર અને વડાલ સ્ટેશન પર ઉભી રહેશે.

નોંધનીય છે કે ઉપરોક્ત બંને ટ્રેનો સંપૂર્ણપણે અનરિઝર્વ્ડ ટ્રેનો તરીકે દોડશે. ઉપરોક્ત બંને ટ્રેનો તેમના નિર્ધારિત સમય મુજબ ૦૮.૧૧.૨૦૨૪ થી ૧૮.૧૧.૨૦૨૪ સુધી દરરોજ દોડશે. ટ્રેન નંબર ૦૯૫૫૬ અને ૦૯૫૫૫ માટે ટિકિટ બુકિંગ ૦૮.૧૧.૨૦૨૪ (શુક્રવાર) થી પેસેન્જર રિઝર્વેશન કેન્દ્રો અને ઈઝ્રઝ વેબસાઈટ પર ખુલશે. આ ટ્રેનોના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને વેબસાઈટ www. enquiry. indianrail. gov.in ની મુલાકાત લઈ શકે છે.

# ૨૧ થી ૨૪ વર્ષના યુવાનોને પી.એમ. ઈન્ટર્નશીપ યોજનામાં જોડાવાની ઉમદા તક

## પી.એમ.ઈન્ટર્નશીપ યોજનામા જોડાવા માટે તા.૧૦-૧૧-૨૪ સુધિમા ઓનલાઈન અરજી કરી શકાશે

જૂનાગઢ, તા.૯

ભારત સરકાર દ્વારા યુવાનોને ટોચની કંપનીઓમા કામ કરવાનો અનુભવ મળે તેવા ઉમદા હેતુથી પી.એમ.ઈન્ટર્નશીપ યોજનાનો આરંભ કરવામા આવેલ છે. જેમા ઈન્ટર્નશીપ માટે જોડાયેલા યુવાનોને ૧૨ માસ માટે માસીક ૫૦૦૦/- રૂા. સ્ટાઈપેન્ડ મળવા પાત્ર છે. ઉમેદવારોની શૈક્ષણીક લાયકાત SSC, HSC, I.T.I., DIPLOMA, GRADUATE પૂર્ણ કરેલ હોવું જોઈએ. સાથે ઉંમર ૨૧ થી ૨૪ વર્ષ, પૂર્ણ સમયની રોજગારી અથવા શિક્ષણ ન મેળવતા હોવા જોઈએ. ઉમેદવારના કુટુંબમાંથી કોઈ સરકારી નોકરીમાં ન હોવા જોઈએ અને ઉમેદવારના કુટુંબમાં કોઈ સભ્યની નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ની વાર્ષિક આવક ૮ લાખથી વધુ ન હોવી જોઈએ. રાજ્ય સરકાર, કેન્દ્ર સરકારની કોઈ સ્કીમમાં સ્કિલ કોર્ષ, એપ્રેન્ટીશીપ, ઈન્ટર્નશીપ કરેલ ન હોવા જોઈએ. આ ઈન્ટર્નશીપ યોજનામાં જોડાવા માટે ઉમેદવારોએ તા.૧૦-૧૧-૨૦૨૪ સુધિમા ઓનલાઈન અરજી www. pminternship. mca. gov. in કરી શકાશે. તથા વધુ માહિતી અને માર્ગદર્શન માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢ નો સંપર્ક કરવા જણાવવામાં આવેલ છે.

# સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા લાભ પાંચમનાં દિવસે ૯૧માં એ.ટી.એમ લગ્ન યોજવામાં આવ્યા






જૂનાગઢ, તા.૯

જૂનાગઢની અખંડ સેવા જ્યોત એટલે સત્યમ સેવા યુવક મંડળ છેલ્લા ૪૨ વર્ષથી સેવાની જ્યોત જલાવી રહી છે. આ સંસ્થા દ્વારા તા. ૦૬-૧૧-૨૪ ને લાભ પાંચમના શુભ દિવસે કડિયા કુંભાર જ્ઞાતિની કુ. પૂજાબેન બાબુભાઈ ટાંક ના એ.ટી.એમ લગ્ન (આદર્શ લગ્ન) યોજાયા હતા. જેમાં દીકરીને ડ્રેસીંગ ટેબલ, ખુરશી, ટીપોઈ, સુટકેશ, સોનાનો દાણો, બેડુ વગેરે ૫૧ જેટલી વસ્તુઓ કરિયાવરમાં આપી કુમારી પૂજા બહેનને ખૂબ જ ધામ ધુમથી રંગે ચંગે લાભ પાંચમના દિવસે સાસરે વળાવવામાં આવી અને આજના લાભ પાચમના પવિત્ર દિવસે પુણ્યનું કાર્ય કરવામાં આવ્યું હતુ.

લાભ પાંચમ ના દિવસે કન્યાદાન મહાદાન છે અને ઉત્તમ દાન છે એવું આજે પુરવાર કરવામાં આવ્યું હતું. આ નવદંપતીને આશીર્વાદ આપવા માટે જવાહરભાઈ ચાવડા, મીતાબેન જવાહરભાઈ ચાવડા, મનસુખભાઈ વાજા, મુકેશગીરી મેઘનાથી, શાંતાબેન બેસ, અરવિંદભાઈ મારડિયા, અલ્પેશભાઈ પરમાર, સરોજબેન જોશી, જોસના બેન રાઠોડ, રસીલાબેન પરમાર, મનોજભાઈ સાવલિયા વગેરે દ્વારા આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા. આ લગ્નની વિધિ શાસ્ત્રી ગોપાલભાઈ જોશી દ્વારા લગ્ન વિધિ કરાવવામાં આવી હતી.

# સુત્રાપાડાના સમસ્ત બરૂલા ગામ દ્વારા તુલસી વિવાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું

## ત્રિદિવસીય ઉત્સવ દરમ્યાન દાંડીયારાસ, કાનગોપી મંડળી દ્વારા વિવિધ કાર્યક્રમો



(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા. ૯

સુત્રાપાડા તાલુકાના બરૂલા ગામે સમસ્ત ગ્રામજનો દ્વારા તા.૧૧-૧૧-૨૪ થી ભવ્ય તુલસી વિવાહનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમના મુખ્ય શાસ્ત્રી તરીકે વિશાલભાઈ જોષી (સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી વેરાવળ)ના નેજા હેઠળ સમગ્ર ધાર્મિક કાર્યક્રમો શાસ્ત્રોકત વિધીથી કરવામાં આવશે. તુલસી વિવાહમાં વરરાજા પક્ષના મુખ્ય યજમાન બરૂલા નિવાસી ડાયબેન તથા ભીમસીભાઈ પંપાણીયા છે. કન્યા પક્ષના યજમાન તરીકે મીનાબેન તથા ગોવિંદભાઈ વાળા છે. શુભ લગ્ન લખવાની તા.૧૧-૧૧-૨૪ સવારે દાંડિયા રાસ, રાત્રીના ખ્યાતનામ કલાકારો અર્જુનભાઈ આહીર, હિનાબેન આહીર તેમની સુમધુર અવાજમાં દાંડીયારાસની રમઝટ બોલાવશે. મંડપરોપણ તા.૧૨-૧૧-૨૪ ના રોજ સવારે રાખેલ છે. કાનગોપી મંડળીમાં સૌરાષ્ટ્રની ખ્યાતનામ અખોદર ગામની કાનગપી મંડળી તેમની કલા રજુ કરશે. તા.૧૩-૧૧-૨૪ ના રોજ બપોરના જાનનું આગમન થશે અને તુલસી વિવાહ મંગળ ફેરા બપોરના ૩ વાગ્યે રાખેલ છે. ભોજન સમારંભ તા.૧૧-૧૧-૨૪ થી તા.૧૩-૧૧-૨૪ સુધી દરરોજ બપોરના ૧૧થી ૧ વાગ્યા સુધી ગરબી ચોક બરૂલા ગામે રાખેલ છે. આ પ્રસંગે સમસ્ત બરૂલા ગામ વતી આજુબાજુના તમામ ગામોમાં નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# હાઈવે ઓથોરિટીના પાપે સોમનાથ- ભાવનગર નેશનલ હાઈવે ઉપર છાશવારે થતા અકસ્માતો





(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૯

સોમનાથ ભાવનગર નેશનલ હાઈવે અધૂરા કામના પાપે કોડીનારથી મીતિયાજ ગામે તેમના સંબંધીને મળવા જતા એક પરિવારને હાઈવે ઉપર નેશનલ હાઈવેના એક ચાલુ કામના રોડ ઉપરના માટીના ઢગલા ઉપર અચાનક ઘુસી જતાં ગમખવાર ઘટના બનવા પામી છે. નેશનલ હાઈવે ના અધિકારીઓના પાપે થયેલા આ અકસ્માતમાં સદભાગ્ય કોઈ જાનહાની થયેલ નથી પરંતુ વાહન ચાલકે આ અકસ્માત નેશનલ હાઈવે ઓથોરિટીને જવાબદાર ગણીને તેમની સામે એફ.આઈ.આર દાખલ કરવા ઉગ્ર રજૂઆતો કરી છે. અકસ્માતની વિગત એવી છે કે કોડીનારના મારૂતિ નગર ખાતે રહેતા પંકજભાઈ અને મેહુલભાઈ બંને દંપતિઓ અને એક બાળક મીતીયાજ ગામે રહેતા તેમના સગા ને ત્યાં નવા વર્ષ નિમિત્તે મળવા જતા હતા તે વખતે રાત્રિના નેશનલ હાઈવે ઉપર પૂરપાટ જતી ગાડી રોડ ઉપર વચ્ચે પડેલા માટીના ઢગલા અને પથ્થર સાથે અથડાઈ પડી હતી. ચાલક પંકજભાઈ ના જણાવ્યા પ્રમાણે નેશનલ હાઈવે ઉપર આગળ કામ ચાલુ હોય તો તેના માટે માટીના ઢગલા કરેલા હશે અને આ રોડની બાજુમાંથી ડાયવર્ઝન કાઢેલું હતું પરંતુ જવાબદાર નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓએ ડ્રાઈવરજનના દિશા સૂચક કોઈ બોર્ડ માર્યા નથી કે કોઈ રિફ્લેકટર માર્યા નથી પરિણામે રાત્રિના જતા વાહનો અચાનક રોડ ઉપરના માટીના ઢગલામાં અથડાય પડે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ કોડીનાર તાલુકાના માલ ગામ પાસે નેશનલ હાઈવેના ચાલુ કામના રોડ વચ્ચે પડેલા માટીના ઢગલામાં અથડાઈને એક મોટરસાયકલ સવારનું કમ કમાટી ભર્યું મૃત્યુ થયું હતું ત્યારે હજુ પણ આ રોડ ઉપર અનેક જગ્યાએ કામ ચાલુ છે અને આ કામની જગ્યાએ ક્યાંય પણ ડ્રાઈવરજનના નિશાનો કે દિશા સૂચક બોર્ડ માર્યા નથી પરિણામે વાહનોમાં વાહન ચાલકોના ગંભીર અકસ્માતો થાય તે પહેલા આ તમામ ચાલુ કામ ના આગળના ભાગે ડ્રાઈવરજનના દિશાસૂચક બોર્ડ મારવા તથા નીતિ નિયમ મુજબના તમામ કામો કરવા રજૂઆત કરાય છે ત્યારે આ અકસ્માત અંગે નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા આ અકસ્માતની જવાબદારી પણ નેશનલ હાઈવે ઓથોરિટીની બેદરકારીને કારણે થયેલ હોય જવાબદાર અધિકારીઓ સામે દાખલા રૂપ ફરિયાદ થવી જોઈએ એમ જણાવી પંકજભાઈએ આ કારણે હજુ સુધી ત્યાંથી હટાવી નથી ત્યારે પ્રશ્નએ થાય છે કે તોતિંગ ટોલ ટેક્સ ઉઘરાવતું આ નેશનલ હાઈવેનું નિમ્ભર તંત્ર હવે જાગશે તે જોવું રહ્યું.

## અદ્દભૂત કહો કે પાગલપન

# અમરેલીમાં ખેડૂતે કારને આપી સમાધિ, ઢોલ-નગારા સાથે કાઢ્યું સરઘસ

અમરેલી, તા. ૯

કોઈ સંતો-મહંતોને સમાધિ અપાય કે કોઈ વ્યક્તિ પાળેલા પ્રાણીને સમાધિ આપે, તેવી ઘટનાઓ તો રોજબરોજ બને છે પરંતુ ગુજરાતના અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના પાડરશીંગા ગામમાં એક અનોખો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં એક ખેડૂતે પોતાની જૂની કારને સમાધિ આપીને સ્મારક બનાવ્યું છે. આ દરમિયાન વિધિ મુજબ પૂજા કરવામાં આવી હતી અને સમગ્ર ગામમાં ખૂબ જ ધામધૂમથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંતોની હાજરીમાં ખાડો ખોદીને કારને દફનાવવામાં આવી હતી. અમરેલીના પાડરશીંગા ગામમાં સંજય પોલારાએ તેમની લકી કારને સંતો ની હાજરીમાં ૧૫૦૦ લોકોના જમણવારની સાથે કારને વિદાય આપી છે.

અમરેલી જિલ્લાના પાડરસિંગા ગામમાં અનોખી ઘટના સામે આવી છે. શું તમે ક્યારેય વિચાર્યું કે કોઈ નિર્જીવ વસ્તુની પણ સમાધિ હોય શકે? અમરેલીમાં આ ઘટના હકીકત બની છે. એક ખેડૂતે પોતાની જૂની કારને સમાધિ આપીને સ્મારક બનાવડાવ્યું છે. આ દરમિયાન વિધિ-વિધાનથી પૂજા-પાઠ કરવામાં આવ્યા હતા અને આખા ગામમાં ધામધૂમથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સાધુ-સંતોની હાજરીમાં ખાડો ખોદીને કારને દફનાવવામાં આવી હતી.

અમરેલીના લાઠી તાલુકાના પાદરશીંગા ગામમાં લોકો પૂરા ઉત્સાહ સાથે ઢોલ અને ડીજે વગાડી રહ્યા હતા. અહીં ખેડૂત સંજય પોલારાની જૂની કારને ફૂલોથી શણગારવામાં આવી હતી. સંતો-મહંતોની વિશેષ ઉપસ્થિતિમાં કારને જમીનમાં દાટી દેવા સમગ્ર ગામ ઉમટી પડ્યું હતું. સંજય પોલારાએ વર્ષ ૨૦૧૩-૧૪માં આ કાર ખરીદી હતી. ખેડૂત સંજય પોલારાનું માનવું છે કે આ ફોર-વ્હીલરને કારણે તેમનું જીવન આગળ વધ્યું છે, તેથી તેઓ પોતાનું વાહન વેચવાને બદલે તેને સમાધિમાં આપવા માંગતા હતા. પોતાની કારને લકી માનનારા ખેડૂત સૂરતમાં કંસ્ટ્રક્શનના બિઝનેસમાં જોડાયેલો છે. કાર આવ્યા બાદ તેનો મોભો વધ્યો હતો. સમાજમાં સારૂ નામ થયું હતું. ફૂલમાળાથી સજાવેલી કારને સમાધિ આપ્યા પહેલા અનુષ્ઠાન કરવામાં આવ્યું હતું. તે બાદ કારને સમાધિ આપનારા ખાડામાં ઉતારવામાં આવી હતી અને પછી બુલડોઝરથી કારની ઉપર માટી નાખવામાં આવી હતી. ખેડૂતનું માનવું છે કે આ કાર આવ્યા બાદ તેના જીવનમાં સકારાત્મક બદલાવ આવ્યો છે, આ કારણે તેને વેચવાની જગ્યાએ ખેડૂત એક સમ્માનજનક વિદાય આપવા માંગતો હતો, તેની આ ભાવનામાં ગામના અન્ય લોકોએ પણ સાથ આપ્યો હતો અને આખો ગામમાં ઢોલ-નગારા અને ડીજેની ધુનો વચ્ચે સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અનોખા આયોજનમાં વિશેષ પૂજા માટે મંત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા અને અંતિમ સંસ્કારની જેમ વિધિથી કારને જમીનમાં સમાધિ આપવામાં આવી હતી. આ પ્રસંગે ખેડૂતના સંબંધી અને અન્ય લોકો અમદાવાદ,સુરત અને આસપાસના વિસ્તારમાંથી સામેલ થવા માટે પહોંચ્યા હતા. અમરેલીના પાડરસિંગા ગામની ગુજરાત જ નહીં પણ દેશભરમાં ચર્ચા થઈ રહી છે.

# ટ્રમ્પની જીત ભારત-અમેરિકા સંરક્ષણ સંબંધો વધુ મજબૂત બનાવી શકે છે

નવી દિલ્હી, તા. ૯

ભૂતકાળમાં બુશ, ઓબામા, ટ્રમ્પ કે બાઈડેન હોય કે હવે ફરી એકવાર ટ્રમ્પ, વિસ્તૃત દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગ અમેરિકા અને ભારત વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીનું મુખ્ય આધાર રહ્યું છે અને રહેશે.

વેપાર અને ટેરિફ અવરોધો જેવા અન્ય મોરચે મતભેદો હોવા છતાં નિર્ણાયક ઈન્ડો-પેસિફિકમાં ચીનના આક્રમક અને વિસ્તરણવાદી વર્તણૂક પર વ્યૂહાત્મક જોડાણ, જેમાં ભારત સાથેની જમીન સીમા પર બળ-પ્રદર્શન તેમજ હિંદ મહાસાગર પ્રદેશ (IOR)માં તેની વિસ્તરી રહેલી નૌકાદળ હાજરીનો સમાવેશ થાય છે, મતભેદો હોવા છતાં કોઈ મંદી જોવા મળશે નહીં.

આ પ્રદેશમાં ચીની સબમરીનનો પ્રભાવ જોતાં ભારત અને યુ.એસ. વચ્ચેની સૈન્ય આંતર સંચાલન ક્ષમતા પણ લડાયક કવાયતોના ધમધમાટ સાથે વધુ ગાઢ બનતી રહેશે પછી તે દ્વિપક્ષીય, ચતુર્ભુજ અથવા બહુપક્ષીય ફોર્મેટમાં હોય, જેમ કે IORમાં સુરક્ષા સહયોગ, જેમાં પાણીની અંદર ડોમેન જાગૃતિના નવા ક્ષેત્રનો સમાવેશ થાય છે.

એક વરિષ્ઠ સંરક્ષણ અધિકારીએ મીડિયાને જણાવ્યું કે, ટ્રમ્પ વાસ્તવમાં 'ક્વાડ' માટે એક મજબૂત, સ્પષ્ટ લશ્કરી પરિમાણ માટે દબાણ કરી શકે છે, જેનો ભારતે અત્યાર સુધી પ્રતિકાર કર્યો છે જ્યારે યુએસ, ઓસ્ટ્રેલિયા અને જાપાન આ મોરચે આતુર છે. ભારતે અલબત્ત ટ્રમ્પના ચંચળ અને વ્યવહારિક સ્વભાવને ધ્યાનમાં લેવાની જરૂર પડશે. ફેબ્રુઆરી ૨૦૨૦માં યુએસ પ્રમુખ તરીકે ટ્રમ્પની ભારત મુલાકાતની પૂર્વસંધ્યાએ, આકસ્મિક રીતે, સુરક્ષા પર મોદીની આગેવાની હેઠળની કેબિનેટ સમિતિએ ૨૪ MH-૬૦ 'રોમિયો' મલ્ટિ-મિશન નેવલ હેલિકોપ્ટર અને A AH-64E અપાચે એટેક હેલિકોપ્ટર માટે ૩૫૦ કરોડ ડૉલરના બે મેગા કોન્ટ્રાક્ટને ઝડપથી મંજૂરી આપી હતી.

તેના તુરંત બાદ અમદાવાદમાં 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમમાં ઉત્સાહી ટ્રમ્પે હેલિકોપ્ટર સોદા તરફ ધ્યાન દોર્યું અને કહ્યું કે, તેમનો દેશ ભારતને પૃથ્વી પર શ્રેષ્ઠ અને સૌથી ભયજનક લશ્કરી સાધનો પ્રદાન કરવા માટે ઉત્સુક છે. અમેરિકાને ભારતનું 'પ્રીમિયર ડિફેન્સ પાર્ટનર' બનવા માટે ભારપૂર્વક પિચ કરતી વખતે તેમણે સશસ્ત્ર માનવરહિત હવાઈ વાહનો (યુએવી)નો પણ ટ્રમ્પની જીત ભારત-અમેરિકા સંરક્ષણ સંબંધો વધુ મજબૂત બનાવી શકે છે ઉલ્લેખ કર્યો હતો.

તે UAV સોદો આખરે ગયા મહિને ફળીભૂત થયો હતો, જેમાં ભારતે અહીં MRO સુવિધા સ્થાપવા માટે યુએસ સરકાર સાથે ૩૧ હથિયારયુક્ત MQ-9B 'પ્રિડેટર' રિમોટલી-પાયલોટ એરક્રાફ્ટ માટે ૩૩૦ કરોડ ડૉલરનો કરાર કર્યો હતો અને ડ્રોન-ઉત્પાદક જનરલ એટોમિક્સ સાથે ૫૨ કરોડ ડૉલરનો અન્ય કરાર કર્યો હતો.

યુએસએ હવે ૨૦૦૭થી જ ૨૫૦૦ કરોડ ડૉલરથી વધુ મૂલ્યના આકર્ષક ભારતીય સંરક્ષણ સોદા મેળવ્યા છે, જે થોડા વર્ષોથી ભારતના લાંબા સમયથી લશ્કરી સપ્લાયર રશિયાને પણ વિસ્થાપિત કરવામાં વ્યવસ્થાપિત છે. જો કે, ભારત હવે સીધી ખરીદી કરવાને બદલે અત્યાધુનિક સંરક્ષણ સાધનો અને ટેક્નોલોજીનું સહ-ઉત્પાદન અને સહ-વિકાસ ઈચ્છે છે. આ તરફ મોદી સરકાર આ નાણાકીય વર્ષમાં તેજસ -II ફાઈટર્સ માટે લગભગ ૧૦૦ કરોડ ડૉલરના ખર્ચે ટેક્નોલોજીના ૮૦% ટ્રાન્સફર સાથે ભારતમાં અમેરિકન ય્ઈ-હ્વ૪૧૪ એરો-એન્જિનના સહ-ઉત્પાદન માટે ચાલી

રહેલી તક્નિકી-વ્યાપારી વાટાઘાટોને પૂર્ણ કરવા માંગે છે. અન્ય અધિકારીએ જણાવ્યું હતું કે, ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન આવા પ્રોજેક્ટ્સ માટે અવરોધ બનશે નહીં, પરંતુ ઉચ્ચ-અંતિમ ટેક્નોલોજી ટ્રાન્સફર માટે ઊંચી કિંમત મેળવવા માંગે છે. ખાતરી કરવા માટે યુએસ પણ ૧.૨૫ લાખ કરોડ રૂપિયાના પ્રારંભિક અંદાજમાં વિદેશી સહયોગથી ભારતમાં ઉત્પાદિત ૧૧૪ નવા ૪.૫-જનરેશન મલ્ટિ-રોલ ફાઈટર એરક્રાફ્ટ (MRFA) માટે IAFની લાંબા સમયથી ચાલતી શોધમાં ઊંડો રસ ધરાવશે.

વોશિંગ્ટન સ્ટ્રાઈકર બખ્તરબંધ પાયદળ લડાયક વાહનોના સહ-ઉત્પાદન માટે પણ સખત દબાણ કરી રહ્યું છે, જેમાં જેવલિન એન્ટીટેન્ક ગાઈડેડ મિસાઈલો છે અને તાજેતરમાં લદ્દાખમાં તેનું ભારતને પ્રદર્શન કર્યું છે. આ પ્રોજેક્ટ્સ જો કે, સતત કડક થતાં દ્વિપક્ષીય વ્યૂહાત્મક ક્લિન્ચનો માત્ર એક ભાગ છે. અધિકારીએ જણાવ્યું હતું કે, ખાસ કરીને રશિયા-ચીન ધરી મજબૂત થવાને કારણે ઈન્ડો-પેસિફિકમાં ચીન સામે હેજ તરીકે ભારત સાથે સંરક્ષણ સહયોગને વધુ મજબૂત કરવા પર યુ.એસ.માં દ્વિપક્ષીય સર્વસંમતિ છે. તે ભારતને પણ અનુકૂળ આવે છે.

# જૂનાગઢના આઝાદી જંગમાં શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચા અને વિજ્યાલક્ષ્મીબેન નાગ્રેચાનું મહત્વનું યોગદાન



**જૂનાગઢની આરઝી હકુમત સેનાના ગુપ્તચર વિભાગના ચીફ કમાન્ડર દુર્લભજીભાઈ નાગ્રેચા અને સાથીદારોની ટીમ દ્વારા મહત્વની બાતમી મેળવ્યા બાદ આરઝી હકુમત સેના દ્વારા એક પછી એક ગામનો કબ્જો મેળવ્યો હતો અને ૯મી નવેમ્બરે જૂનાગઢ સંપૂર્ણ આઝાદ થયું હતું**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢના આઝાદી જંગની લડતમાં બિલખાના સ્વાતંત્ર સેનાની શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચા અને તેમના ધર્મપત્ની વિજ્યાલક્ષ્મીબેન નાગ્રેચાનું મહત્વનું યોગદાન રહ્યું છે. આરઝી હકુમત સેનાના ગુપ્તચર વિભાગના ચીફ કમાન્ડર(જાસુસી વિભાગ) શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચા અને તેમની ટીમ દ્વારા મહત્વની યુધ્ધ પહેલાની બાતમી મેળવ્યા બાદ આરઝી હકુમતની સેના દ્વારા જે તે ગામો ઉપર આક્રમણ કરી અને વિજય મેળવવામાં આવતો હતો. જ્યારે બીજી તરફ દુર્લભજીભાઈ નાગ્રેચાના ધર્મપત્ની વિજ્યાલક્ષ્મીબેન નાગ્રેચા દ્વારા ખાસ કરીને મહિલા વર્ગમાં સ્વાતંત્ર માટેની જાગૃતિ અને લડત માટે તૈયાર કરવામાં આવતા હતા. આમ આ દેશભક્ત દંપતિનું જૂનાગઢની આઝાદી જંગમાં મહત્વનું યોગદાન રહ્યું હતું. જૂનાગઢને નવાબી શાસનમાંથી મુક્ત કરવાના શપથ ગ્રહણ કરાયા બાદ શામળદાસ ગાંધીના વડાપ્રધાન પદ હેઠળ આરઝી હકુમતની સ્થાપના કરવામાં આવી હતી. આરઝી હકુમતની સેનામાં જૂનાગઢ અને સોરઠ પંથકના તેમજ સૌરાષ્ટ્રના પ્રથમ હરોળના નામી-અનામી અનેક વિર સેનાનીઓ જોડાયા હતા. દેશની સ્વાતંત્ર ચળવળમાં ભાગ લેનારા બિલખાના શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચા અને તેમના ધર્મપત્ની વિજ્યાલક્ષ્મીબેન નાગ્રેચા પણ માતુશ્રી કસ્તુરબાના આર્શીવાદ સાથે જૂનાગઢના મુક્તિ સંગ્રામમાં જોડાયા હતા. જૂનાગઢ આરઝી હકુમતની સેનામાં સોરઠ પંથકની ઈંચેઈંચ ભૂમિના જાણકાર શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાને જાસુસી વિભાગ એટલે કે ગુપ્તચર વિભાગના ચીફ કમાન્ડર બનાવવામાં આવ્યા હતા. શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાના ધર્મપત્ની વિજ્યાલક્ષ્મી નાગ્રેચાને સોરઠ પંથકની મહિલાઓમાં લોક જાગૃતિનું કામ સોંપવામાં આવ્યું હતું. શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચા અને તેમની ટુકડીએ ૯મી સપ્ટેમ્બરના રોજ કુકાવાવ ખાતે થાણું નાખ્યું હતું અને ૨૪ ઓક્ટોબર ૧૯૪૭ દશેરા વિજ્યા દશમીના દિવસે ભેસાણ મહાલનું અમરાપુર ગામ ખાતે આક્રમણ કરી અને વિજય વાવટો ફરકાવ્યો હતો અને ત્યારબાદ આરઝી હકુમતની વિવિધ ટુકડીઓએ એક પછી એક ગામો સર કર્યા હતા અને ૯મી નવેમ્બરે જૂનાગઢને સાચા અર્થમાં આઝાદી અપાવી હતી. જૂનાગઢને આઝાદી અપાવવાના મુક્તિ સંગ્રામના જંગમાં આરઝી હકુમતના ગુપ્તચર વિભાગના ચીફ કમાન્ડર દુર્લભજીભાઈ નાગ્રેચા અને તેમના ધર્મપત્ની વિજ્યાલક્ષ્મી નાગ્રેચાનું મહત્વનું યોગદાન રહ્યું છે. આ ઉપરાતં જૂનાગઢ અને સોરઠની ખમીરવંતી પ્રજાએ પણ ખુબ જ યોગદાન આપેલ છે. જૂનાગઢને આઝાદી મળ્યાની આજે ૭૭મી વર્ષ ગાંઠ નિમિતે નામી-અનામી જૂનાગઢ આરઝી હકુમતના વિર સેનાનીઓને અને જૂનાગઢને મુક્તિ જંગમાં યોગદાન આપનારા તમામને આજના દિવસો કોટી કોટી વંદના.

## અમદાવાદ ખાતે આવતીકાલથી ડાંગની અમૂલ્ય જડીબુટ્ટીઓ દ્વારા ૧૦ જેટલા રોગ નિવારણ માટે અંદાજે ૧૩૩ જેટલા પ્રખ્યાત આદિવાસી વૈદુભગતો આપશે સારવાર

**'જનજાતિય ગૌરવ દિવસ' નિમિત્તે અમદાવાદ હાટ- વસ્ત્રાપુર ખાતે તા.૯ થી ૧૪ નવેમ્બર દરમ્યાન 'પરંપરાગત આદિવાસી વનૌષધિય પ્રદર્શન-વેચાણ' મેળો યોજાશે : નાગરિકો સવારે ૧૦ થી રાત્રીના ૦૯ કલાક સુધી પ્રદર્શન- મેળાની મુલાકાત લઈ શકશે : આ મેળામાં અંદાજે ૧૦૦ જેટલા સ્ટોલ શરૂ કરવામાં આવશે**

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૯

આદિવાસીઓના મહાનાયક, ક્રાંતિકારી લડવૈયા અને સમગ્ર આદિવાસી સમાજના મસીહા- ભગવાન તરીકે ઓળખાતા બિરસા મુંડાની તા. ૧૫મી નવેમ્બરના રોજ ૧૫૦મી જન્મજયંતી ઉજવવામાં આવનાર છે. જેને દેશભરમાં 'જનજાતિય ગૌરવ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ જન્મજયંતી નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને આદિજાતિ વિકાસ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર તેમજ રાજ્ય મંત્રી કુંવરજીભાઈ હળપતિની આગેવાનીમાં અમદાવાદ ખાતે 'પરંપરાગત આદિવાસી ઔષધિય ચિકિત્સા પદ્ધતિ'ને પ્રોત્સાહિત કરવા અનોખી પહેલ શરૂ કરવામાં આવી છે. જેના ભાગરૂપે અમદાવાદ હાટ- વસ્ત્રાપુર ખાતે તા. ૦૯ થી ૧૪ નવેમ્બર દરમિયાન 'પરંપરાગત આદિવાસી વનૌષધિય પ્રદર્શન અને વેચાણ મેળોનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલ તા. ૦૯ નવેમ્બરે સાંજે ૦૫ કલાકે આ મેળાનું ઉદઘાટન કરવામાં આવશે. આ મેળાની નાગરિકો સવારે ૧૦ થી રાત્રીના ૦૯ કલાક સુધી મુલાકાત લઈ શકશે. આદિજાતિ વિકાસ વિભાગ અને આદિવાસી સંશોધન - તાલીમ સોસાયટી,ગાંધીનગર દ્વારા આયોજિત આ મેળામાં વલસાડ, ડાંગ, નવસારી, અરવલ્લી, સાબરકાંઠા અને દાહોદ જિલ્લાના અંદાજે ૧૩૩ જેટલા પ્રખ્યાત આદિવાસી વૈદુભગતો દ્વારા આધુનિક અને હઠીલા રોગોનું પરંપરાગત ઔષધિય જ્ઞાનથી ઉપચાર, મસાજ અને સ્ટીમ બાથ ઉપચાર, ડાંગના જંગલોની અમૂલ્ય જડીબુટ્ટીઓ દ્વારા રોગ નિવારણ કરવામાં આવશે. આ આદિવાસી વૈદુભગતો દ્વારા વિવિધ રોગ જેમ કે સાંધાના રોગ, ચામડી, પાચનતંત્ર, લકવા -પેરાલીસીસ, માથાનો દુ:ખાવો, અનિંદ્રા, સ્થુળતા, એસીડિટી, પથરી, પ્રોસ્ટેટ જેવા રોગોનો ઉપચાર અને સારવાર પણ આ મેળામાં કરવામાં આવશે. આ ઉપરાંત જડીબુટ્ટી દ્વારા ઉપચારનો લાઈવ ડેમોસ્ટ્રેશન નાગરિકો જોઈએ શકશે. આગામી છ દિવસ સુધી યોજાનારા આ મેળામાં અંદાજે ૧૦૦ જેટલા સ્ટોલ શરૂ કરવામાં આવશે જેમાં ગૌણ વન પેદાશો, ઓર્ગેનિક ખાદ્યચીજો, નાગલી બનાવટો, શુદ્ધ મધ, જડીબુટ્ટીઓ -ઔષધિઓનું વેચાણ કરાશે તેમ, આદિજાતિ વિકાસ વિભાગની યાદીમાં જણાવાયું છે.

## યાત્રાધામ વેરાવળ સોમનાથમાં જય જલારામના જયઘોષ સાથે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી







**જલારામ મંદિરે ધ્વજારોહણ, મહાઆરતી, અન્નકોટ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા : મંદિર અને શોભાયાત્રાના રૂટને રંગબેરંગી લાઈટો, કમનોના શણગારથી સુશોભિત કરાતા જલારામમય વાતાવરણ છવાયું**

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૯

વેરાવળ-સોમનાથમાં સંત શિરોમણી પૂ.જલારામ બાપાની ૨૨૫ મી જન્મ જયંતિની લોહાણા મહાજન દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમો થકી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મોટી શાક માર્કેટમાં આવેલ જલારામ મંદિરે સવારે ધ્વજારોહણ બાદ બપોર અને સાંજે મહાઆરતી થયેલ તેમજ વિવિધ વાનગીઓનો અન્નકોટ પૂ.બાપાના ચરણોમાં ધરવામાં આવેલ જેના દર્શન કરી લોકોએ ધન્યતા અનુભવી હતી. મંદિરને રંગબેરંગી લાઈટો અને ફૂલોથી શણગાર કરવામાં આવેલ હતો. બપોરે જલારામ મંદિરેથી ભવ્ય વિશાળ શોભાયાત્રાનો લોહાણા મહાજન પ્રમુખ વિક્રમભાઈ તન્ના, ઉપપ્રમુખ મુકેશભાઈ રૂપારેલીયા, મંદિર ટ્રસ્ટના ભદ્રેશભાઈ દાવડા, અશોકભાઈ ગદા, નીતુભાઈ રાડીયા, બીપીનભાઈ અઢીયા, મુકેશભાઈ ચોલેરા, ભરત ચોલેરા, રવિ સામાણી, અંકુર અઢીયા સહિતના અગ્રણીઓની હાજરીમાં પ્રારંભ થયેલ જે શહેરના વિવિધ રાજમાર્ગો ઉપર ફરી હતી. શોભાયાત્રામાં ફડાકડાની આંતશબાજી તેમજ ડીજેના તાલે નાચ-ગાન સાથે મોટી સંખ્યામાં રઘુવંશી ભાઈ લ-બહેનો ઝુમી ઉઠ્યા હતા. શોભાયાત્રાનું રાજમાર્ગો પર ઠેર-ઠેર વિવિધ સમાજો અને સંસ્થાઓએ સ્વાગત કરી ઠંડા-પીણાના સ્ટોલો ઉભા કરી પ્રસાદીનું વિતરણ કરેલ હતું. જલારામ જયંતિ પ્રસંગે શહેરના રાજમાર્ગોને રંગબેરંગી લાઈટો અને કમાનોના શણગાર થકી જલારામમય વાતાવરણ ખડુ થયું હતું. શોભાયાત્રામાં જીલ્લા કલેક્ટર ડી.ડી.જાડેજા, પ્રદેશ ભાજપ મંત્રી ઝવેરીભાઈ ઠકરાર, માનસિંહ પરમાર, પાલીકા પ્રમુખ પલ્લવીબેન જયદેવભાઈ જાની, શહેર પ્રમુખ દેવાભાઈ ધારેચા, સરમણભાઈ સોલંકી, પ્રવિણભાઈ રૂપારેલીયા, સહિતના આગેવાનો જોડાયા હતા. જલારામ જયંતિ પ્રસંગે બપોરે લોહાણા મહાજન વાડીમાં તથા સાંજે લોહાણા બોર્ડીંગમાં સમુહજ્ઞાતિ પ્રસાદી યોજાયેલ જેનો સર્વે જ્ઞાતિજનોએ લાભ લીધેલ હતો. સોમનાથ સાંનિધ્યે પ્રભાસ- પાટણમાં પણ પૂ.જલારામ જયંતિની આધ્થાભેર ઉજવણી થઈ હતી. પ્રભાસ પાટણમાં લંડનના પરીવારે બનાવેલ જલારામ મંદિરેથી ભવ્ય શોભાયાત્રા નિકળેલ જેમાં લોહાણા, સીંધી, કોળી સહિત તમામ સમાજના લોકો સામુહીક રીતે જોડાયા હતા. શોભાયાત્રામાં યુવાનો ડીજેના તાલ સાથે નાચ ગાન કરતા જોડાય અને વિવિધ માર્ગો ઉપર ફરેલ તેમજ લોહાણા મહાજન પ્રમુખ લાલભાઈ અટારાના નેજા હેઠળ લોહાણા વંડીમાં સમુહજ્ઞાતી પ્રસાદ યોજાયેલ અને રાત્રીના સત્ય નારાયણની કથા સાથે કઢી-ખીચડીની પ્રસાદી યોજાયેલ હતી. જેમાં સર્વે જ્ઞાતીજનોએ સામેલ થઈ જલાબાપાની ભકિતમાં લીન થયા હતા.

## રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી ખાતેના નેશનલ હાઇવેથી નજીક વેરાવળ ગામ ખાતે સરકારી ખરાબાની અંદાજિત રૂા.૧.૨૩ કરોડની કિંમતની જમીન ઉપરના દબાણ દુર કરાયા





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૯

રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સરકારી ખરાબાની જમીન ઉપર ગેરકાયદેસર બાંધકામ કરાયેલા કોમર્શિયલ બાંધકામોનું ડિમોલીશન કરીને જગ્યાઓ દબાણમુક્ત કરવામાં આવી રહી છે. જે અન્વયે રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના વેરાવળ ગામ ખાતે રાજકોટથી ગોંડલ જતા નેશનલ હાઈવેથી નજીક આવેલ સરકારી ખરાબાના જુના સર્વે નંબર ૩૦૫ની આશરે ૨૧૦૦ ચોરસ મીટરની અંદાજિત રૂા.૧.૨૩ કરોડની જમીન પરના અનઅધિકૃત વાણિજયક મોટી દુકાનો અને આશરે ૧૭ અન્ય દબાણો દુર કરવામાં આવ્યા છે. આ દબાણો પોલીસ વિભાગ અને જે.સી.બી. મશીન સાથે રાખી દૂર કરવામાં આવ્યા હતા. ડિમોલીસન સમયે મામલતદાર જી.બી.જાડેજા, પી.એસ.આઈ. ઘનશ્યામસિંહ જાડેજા સહિતના અધિકારી અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## યાત્રિકો ભવનાથ, જીણાબાવાની મઢી, સુરજકુંડની જગ્યા, સરકડીયા હનુમાનની જગ્યા, માળવેલા અને બોરદેવી ખાતે રાત્રી રોકાણ કરી શકશે

જૂનાગઢ તા.૯

ગિરનાર લીલી પરિક્રમાનો તા. ૧૨-૧૧-૨૦૨૪ના રોજ પ્રારંભ થવા જઈ રહ્યો છે, આ ગરવા ગિરનારની પરિક્રમામાં લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. ત્યારે ગિરનાર અભયારણ્ય સિંહ, દીપડા જેવા વન્ય પ્રાણીઓનો પણ વિસ્તાર છે, જેથી પરિક્રમા રૂટ સિવાય અન્ય ગિરનાર અભયારણ્યના ભાગમાં પ્રવેશ કરવો નહીં. આમ, યાત્રિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખી નિયત પડાવ ભવનાથ, જીણાબાવાની મઢી, સુરજકુંડની જગ્યા, સરકડીયા હનુમાનની જગ્યા, માળવેલા અને બોરદેવી સિવાય અન્ય જગ્યાએ રાત્રી રોકાણ કરવું નહીં.

## કેશોદ એસટી ડેપોમાં દિવાળીના તહેવારોને લઈ નિ:શુલ્ક મીઠાઈ-કપડાંનું વિતરણ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૯

કેશોદ એસટી ડેપોમાં કાર્યરત પાર્સલ વિભાગના સિધ્ધરાજસિંહ રાયજાદા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળીના તહેવારોને ધ્યાને રાખી એસટી ડેપોમાં કામ કરતાં સફાઈ કામદાર સહિત આર્થિક નબળા શ્રમિક પરિવારના સભ્ય વચ્ચે નિ:શુલ્ક મીઠાઈ અને કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે એસટી ડેપોના તમામ કર્મચારીઓનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ વિતરણ પ્રસંગે ધારાસભ્ય દેવાભાઈ માલમ, પાલિકા પ્રમુખ મેહુલભાઈ ગોંડલિયા, તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ ગોવિંદભાઈ બારિયા, લખનભાઈ ભરડા, પ્રકાશભાઈ રામાણી સહિતના આગેવાનો હાજર રહ્યાં હતાં.

## શીલના દિવરાણા નજીક ટ્રેક્ટરે હડફેટે લેતા બાળકીનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

શીલ પંથકના દિવરાણા ગામે વાડી વિસ્તારમાં ટ્રેક્ટરે હડફેટે લેતા બાળકીનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે મહેશભાઈ પપ્પુભાઈ શીંગાડીયા (ઉ.વ.૩૦) વાળાએ નારણભાઈ ગોરધનભાઈ ભાલાળ રહે.દિવરાણા વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદીના દિકરી મરણજનાર સારાબેન (ઉ.વ.૧૫) વાળી આ કામના આરોપીએ પોતાનું ટ્રેક્ટર રજી.નં.જીજે-૧૧-બીઆર-૦૬૮૨નું બેદરકારી અને ગફલતભરી રીતે બેફીકરાઈથી ચલાવી રીવર્સ લેતા ફરિયાદીની દિકરી જે ફળીયામાં સુતી હોય તેના ઉપર ટ્રેક્ટરનું વ્હીલ ચડાવી હડફેટે લઈ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડતા બાળકીનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે ટ્રેક્ટર ચાલક વિરૂધ્ધ શીલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાં પ્રવાસી સાથે રૂા.૨,૧૨,૨૫૦ની વિશ્વાસઘાત-છેતરપિંડી : ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢના એક યુવાન સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી રૂા.૨,૧૨,૨૫૦ની છેતરપિંડી કર્યાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા આમ્રપાલી એપાર્ટમેન્ટ બી-૧માં રહેતા હેત કિરીટકુમાર દવે(ઉ.વ.૨૦)એ પ્રિયાંક નિતીનભાઈ જોષી રહે.ઉપલેટા વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદીએ આરોપીની કેબ(ફોરવ્હીલ કાર) વડોદરાથી જૂનાગઢ આવવા સારૂ ભાડેથી બાંધેલ હોય અને ફોરવ્હીલ પ્રાઈવેટ પાસીંગ હોય જેથી વાસદ ખાતે પોલીસએ ચેક કરવા રોકાવેલ અને આરોપીને દંડ બાબતે પોલસ સાથે રકજક થયેલ તે બાબતેનો આરોપીએ ફાયદો ઉઠાવી ફરિયાદીને વિશ્વાસમાં લઈ અલગ-અલગ ખોટા બહાનાઓ બતાવી ફરિયાદીને છેતરવાના ઈરાદે ફરિયાદીના રૂપીયા પરત આપવાનો વિશ્વાસ આપફી ફરિયાદી પાસેથી તા.૧૬-૧૦-૨૦૨૩થી તા.૧૦-૫-૨૦૨૪ દરમ્યાન અલગ-અલગ સમયે અલગ-અલગ રકમ ગુગલ પે મારફતે મેળવી કુલ રૂા.૨,૧૨,૨૫૦ છેતરપિંડીથી મેળવી લીધેલ હોય જે આજદિન સુધી પરત આપેલ ના હોય અને ફરિયાદી સાથે વિશ્વાસઘાત કરી છેતરપિંડી કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા સી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાં ઢોરના ડબ્બામાંથી છરી બતાવી ગાય છોડાવી જતાં ફરજમાં રૂકાવટ અંગે બે સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢમાં ઢોરના ડબ્બામાંથી ગાય છોડાવવા માટે છરી બતાવી અને ફરજમાં રૂકાવટ કરવા અંગે બે સામે પોલીસ ફરીયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢના સુખનાથ ચોક વિસ્તારમાં સાવજના ડેલે ઢોર ડબ્બા ખાતે બનેલા બનાવ અંગે ભીમાભાઈ કાનાભાઈ રાડા(ઉ.વ.૩૮) ધંધો-નોકરી પગી કેટલ કેચર આઉટસોર્સ, મહાનગરપાલિકા કચેરી, જૂનાગઢ વાળાએ આ કામના આરોપી હમીર રાણાભાઈ ભરાઈ, દાસાભાઈ રાણાભાઈ ભરાઈ રહે.બંને સક્કરબાગ પાસે, દોલતપરા, જૂનાગઢ વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી તથા સાહેદ સુખનાથ વિસ્તાર સાવજના ડેલે ઢોર ડબ્બા ખાતે પોતાની ફરજ ઉપર હાજર હતા ત્યારે આ કામના આરોપીઓ પોતાની ગાય લેવા આવી ફરિયાદી તથા સાહેદને છરી બતાવી ઝઘડો કરી ભુંડી ગાળો બોલી જપાજપી કરી સાહેદને ધકો તથા ઢીકા મારી પોતાની ગાય ઢોર ડબ્બામાંથી લઈ જઈ ફરિયાદી તથા સાહેદની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી અધિક જીલ્લા મેજી.ના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે.આર. વાજા ચલાવી રહ્યા છે.

## બાંટવા : તારા બળદ કપાસને નુકસાન કરે છે તેમ કહી માર માર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

બાંટવા પંથકમાં બનેલા એક બનાવમાં તારા બળદ કપાસને નુકસાન કરે છે તેમ કહી માર માર્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર માણાવદર તાલુકાના સમેગા ગામના રામાભાઈ રણમલભાઈ બારૈયા(ઉ.વ.૭૨)એ સમેગા ગામના જ નિલેશભાઈ કરશનભાઈ મારૂ વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે આ કામના ફરિયાદી પોતાનું બળદ ગાડુ લઈ આરોપીના ખેતર પાસેથી નિકળતા આરોપીએ ફરિયાદીને કહેલ કે તારા બળદ મારા કપાસને નુકસાન કરે છે તેમ કહી આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને જાહેરમાં ગાળો આપી છુટા પથ્થરના ઘા મારી તેમજ લાકડીથી ફરિયાદીને ડાબા પગના ભાગે ઘા મારી તથા શરીરે ગડદા પાટુનો માર મારી સામાન્ય(મુંઢ) ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા બાંટવા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢની આઝાદીની આજે ૭૭ મી વર્ષગાંઠ : આરઝી હકુમતના સૈનિકોની યાદગીરીમાં મ્યુઝીયમ કયારે બનશે ?




## જૂનાગઢના મુક્તિ સંગ્રામમાં યોગદાન આપનારા આરઝી હકુમતના સેનાનીઓનું ઋણ કયારેય ભુલી શકાય તેમ નથી

જૂનાગઢ તા.૯

૯મી નવેમ્બરનો આજનો દિવસે એટલે જૂનાગઢ અને સોરઠની જનતા માટે કયારેય ન ભુલી શકાય તેવો આ દિવસ છે. આજથી ૭૭ વર્ષ પહેલા જૂનાગઢ અને સોરઠને સાચા અર્થમાં આઝાદી મળી હતી. આ આઝાદીના મુળમાં જૂનાગઢ આરઝી હકુમતનાં સૈનિકોના યોગદાનને કારણે મળી હતી. સોરઠ પંથકમાં જે લોકક્રાંતિ સર્જાઈ હતી અને સોરઠવાસીઓએ જે ખમીર બતાવ્યું હતું અને જૂનાગઢને આઝાદી અપાવી હતી તે જૂનાગઢની આઝાદીની આ લડતનો અમર ઈતિહાસ છે. જોકે, કોઈ કારણસર આ ઈતિહાસને જાણે-અજાણે અંધારામાં ધકેલી દેવામાં આવેલ છે અને જોઈએ તેવા કાર્યક્રમો આજ દિવસ સુધી થતાં નથી. એટલું જ નહીં, આરઝી હકુમતના સૈનિકોની યાદગીરી કાયમી જળવાય રહે તે માટે એક મ્યુઝીયમ બનાવવાની વર્ષો જુની માંગણીનો પણ ઉકેલ આવ્યો નથી. ત્યારે આજના આ દિવસે શપથ લઈએ કે, જૂનાગઢને મુક્તિ અપાવનારા આરઝી હકુમતના વીર સેનાનીઓની યાદમાં જૂનાગઢ શહેરમાં એક મ્યુઝીયમ બનાવવામાં આવે અને તે માટેની કાર્યવાહી સરકાર દ્વારા તાત્કાલીક હાથ ધરવામાં આવે તેવી લાગણી પ્રવર્તી રહી છે.

૧૫મી ઓગષ્ટ ૧૯૪૭ના દિવસે અંગ્રેજોની ગુલામીમાંથી ભારત દેશ આઝાદ થયો હતો અને સર્વત્ર આનંદ-ઉત્સવ મનાવવામાં આવી રહ્યો હતો. બરાબર આ સમયે જૂનાગઢ અને સોરઠ પંથકમાં સંકટના વાદળો ઘેરાયા હતા. તેના કારણમાં એવું હતું કે, જૂનાગઢના તત્કાલીન નવાબે દિવાનની ચડવણીથી જૂનાગઢને પાકિસ્તાન સાથે જોડવાની હીલચાલ કરતા તેની સામે તેના વિરોધમાં લોકક્રાંતિ જાગી ઉઠી હતી અને જૂનાગઢ અને સોરઠી પ્રજાએ હાથ ચડયો હથીયાર લઈ અને જૂનાગઢને મુક્ત કરવા માટે લડતનું રણશીંગુ ફુંકી અને મુક્તિ સંગ્રામ ખેલ્યો હતો. ૮૬ દિવસની લડાઈના અંતો આખરે ૯મી નવેમ્બર ૧૯૪૭ના દિવસે જૂનાગઢ સાચા અર્થમાં આઝાદ બન્યું હતું. જૂનાગઢના મુક્તિ સંગ્રામમાં જૂનાગઢ અને સોરઠ પંથકની ખમીરવંતી પ્રજાએ ખુબ જ મહત્વનું યોગદાન આપ્યું હતું. આરઝી હકુમતના નામી-અનામી સૈનિકોની જીંદાદીલી, વતન પરસ્તી અને માતૃભૂમિની રક્ષા માટે જે મુક્તિ સંગ્રામ ખેલાયો હતો તે કોઈ કાળે ભુલી શકાય તેમ નથી અને ઈતિહાસનો આ સોનેરી પૃષ્ઠ કહી શકાય. પરંતુ સમગ્ર દેશને જ્યારે અંગ્રેજોની ગુલામીમાંથી સંપૂર્ણ આઝાદી મળી હોય ત્યારે સમગ્ર દેશ તેમાં ગુલ્તાન બન્યું હતુ અને આ જ સમયગાળામાં જૂનાગઢનો મુક્તિ સંગ્રામ ખેલાયો હતો ત્યારે આ મુક્તિ સંગ્રામના સૈનિકોના યોગદાનને જાણે-અજાણે ભુલી ગયા હોય અથવા તો ભુલી જવાયું હોય તેવો માહોલ સર્જાયો હતો. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી દિલીપ પરીખના સમયગાળા દરમ્યાન બહાઉદ્દીન કોલેજ ખાતે એક વખત આરઝી હકુમતના હયાત સૈનાનિઓનું સન્માન તેમજ વિજયસ્થંભ બનાવવામાં આવ્યો હતો અને આ તકે એક મ્યુઝીયમ બનાવવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ ભાજપ સરકાર દ્વારા પણ આરઝી હકુમતના હયાત સૈનાનિઓનું સન્માન થયું હતું. અને એક વખત ૨૦૦૬ની સાલમાં કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર દ્વારા કૃષી યુનિવર્સિટી ખાતે આરઝી હકુમતના સૈનિકોને સન્માનીત કરવામાં આવ્યા હતા. જૂનાગઢને મુક્તિ અપાવનારા આરઝી હકુમતના સૈનિકોની યાદગીરી કાયમી જળવાઈ રહે તેમજ જૂનાગઢના મુક્તિ સંગ્રામની વિગતો અને ઈતિહાસ આમ પ્રજા જાણી શકે આ ઉપરાંત આરઝી હકુમતના સૈનિકોની વિગતો, ફોટોગ્રાફ વગેરે માહિતી આવરી લેતું ગેલેરી તૈયાર કરવામાં આવે તેવી અનેકવાર રજુઆતો કરવામાં આવી છે પરંતુ આજ દિવસ સુધી આવું કોઈ કાર્ય થયું નથી. એટલું જ નહીં ૧૯૯૭ના સમયમાં બહાઉદ્દીન કોલેજ ખાતે જે વિજય સ્થંભ બનાવવામાં આવ્યો હતો ત્યાં દર વર્ષે ૯મી નવેમ્બરના રોજ સ્થંભનું પૂજન અને રાત્રીના ફટાકડાની આતશબાજી વગેરે કાર્યક્રમો યોજાતા હોય છે. આજરોજ ૯મી નવેમ્બર ૨૦૨૪ના જૂનાગઢના મુક્તિ દિનની ઉજવણી આજે જૂનાગઢ શહેરમાં અનેકવિધ કાર્યક્રમો સાથે કરવામાં આવી રહી છે. ત્યારે આ ઉજવણીની સાથે સાથે આજે એવા પણ શપથ લેવા પડે કે આરઝી હકુમતના સૈનિકોની યાદગીરી કાયમી જળવાઈ રહે તે માટેનું એક મ્યુઝીયમ બનાવવામાં આવે તેવી લાગણી લોકોમાં પ્રવર્તી રહી છે. આજે જૂનાગઢના ૭૭માં મુક્તિદિન પ્રસંગે જૂનાગઢના મુક્તિ સંગ્રામમાં યોગદાન આપનારા નામી-અનામી તમામ આરઝી હકુમતના સૈનિકોને સત્ સત્ વંદના...

## જૂનાગઢના મુક્તિ દિનની ભવ્ય ઉજવણી




### સવારે વિજય સ્તંભની પૂજનવિધી અને રાત્રે આતશબાજી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

આજ તા.૯મી નવેમ્બર ૨૦૨૪નો દિવસ જૂનાગઢનો મુક્તિ દિન છે. આજે કોર્પોરેશન દ્વારા આઝાદ દિવસની વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે. આરઝી હકુમત(જૂનાગઢના મુક્તિ દિવસ)ની ઉજવણીના ભાગરૂપે આજે સવારે ૯:૩૦ કલાકે બહાઉદ્દીન કોલેજ ગ્રાઉન્ડ ખાતે વિજય સ્તંભની પૂજન વિધીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ તકે જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયા, કમિશ્નરશ્રી ડો.ઓમપ્રકાશ, નાયબ કમિશ્ન એ.એસ. ઝાપડા, આસિ.કમિશ્નર કલ્પેશ ટોલીયા, પૂર્વ મેયર ગીતાબેન પરમાર, જયોતીબેન વાછાણી, શહેર ભાજપ પ્રમુખ પુનીતભાઈ શર્મા, પુર્વ કોર્પોરેટર આરતીબેન જોષી, ઉતારા સમિતિ પ્રમુખ ભાવેશભાઈ વેકરીયા, મહંતશ્રી ઈન્દ્રભારતી બાપુ, મહંતશ્રી મહેન્દ્રગીરી બાપુ સહિતના સંતો તેમજ વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આજે સાંજના ૭ કલાકે બહાઉદ્દીન કોલેજના ગ્રાઉન્ડમાં ભવ્ય આતશબાજીનો કાર્યક્રમ યોજાનાર છે ત્યારે આ આતશબાજીના કાર્યક્રમમાં નગરજનોને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

હાર્દિક શુભેચ્છા...




પ્રાપ્ત થતી સુવિધાઓ :
- નવા વર્ષથી નવી શિક્ષણની નીતિ
- જવાહર નવોદય પ્રવેશ પરીક્ષા પધ્ધતિ અને GPSC પરિક્ષાઓની પધ્ધતિથી અપાતુ શિક્ષણ
- તમામ વિષયોમાં અનુભવી શિક્ષકો દ્વારા ડિજીટલ કલાસરૂમમાં અપાતુ શિક્ષણ
- પહેલા ધોરણથી જ વિશાળ કોમ્પ્યુટર લેબમાં અપાતુ શિક્ષણ
- દર અઠવાડિયે લેવાતી વિકલી ટેસ્ટ, બેઝિક ટેસ્ટ, સરપ્રાઈઝ ટેસ્ટ.
- શાળાના સમય સિવાયના સમય એકસ્ટ્રા બેચનું આયોજન કરી નબળા વિદ્યાર્થીઓ માટે ખાસ શિક્ષણનું આયોજન
- ૧ કલાસરૂમમાં ૨ શિક્ષકો દ્વારા અપાતું વ્યક્તિગત નિરક્ષણ
- અનુભવી ४० થી વધારે શિક્ષકો દ્વારા અપાતું શિક્ષણ
- વિજ્ઞાન ક્ષેત્રમાં નવા વર્ષથી સાયન્સ લેબનું આયોજન
- મહિનામાં ૫ અને એક વર્ષમાં ૬૦ થી વધુ પ્રોજેક્ટ અને એક્ટિવીટી
- સી.સી.ટીવી દ્વારા સતત નિરીક્ષણ
- ખુબ જ મર્યાદિત સંખ્યામાં એડમીશન બાકી રહેતા પહેલા તે પહેલાના ધોરણે આપના બાળકનું એડમીશન મેળવી લેવુ.
- આવો આપના બાળકોને મેધાવી – તેજસ્વી – યશસ્વી બનાવીએ.

જુલાય વાડા, જૂનાગઢ.
મો. ૯૭૧૪૫ ૬૩૨૬૮ / ૭૦૧૬૩ ૪૭૧૧૨

શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?
**ઓપરેશન કરાવતા પહેલા**
**આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ**
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે
(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મું. વડાલ વાળા)

**સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે**
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
**મોરો સોપારી કટીંગ**
**૧ કિલોના ફકત રૂા.૬૦૦**
આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
**મો.૯૩૭૬૬૦ ૫૫૬૨**

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩
- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો




જુનાગઢથી ડેઈલી ફાસ્ટ સર્વિસ
'ફલાય ફાસ્ટ' પાર્સલ સર્વિસ હવે આપના દ્વારે







જુનાગઢ - સાબલપુર - તાલાલા - વેરાવળ - કાજલી - સુત્રાપાડા - પ્રાંચી
કોડીનાર - ડોળાસા - ઉના - દીવ - ટીબી - ધોકડવા - ગીર ગઢડા

વ્યાજબી દર... સમયસર ડિલીવરી... વિશિષ્ટ ગ્રાહક સેવા... વિશ્વાસપાત્ર પાર્સલ સેવા...

**ડેઈલી ફાસ્ટ સર્વિસ**

**તાલાલા ઓફીસ**
બ્રહ્મ સમાજ
ગલીની સામે,તાલાલા
મો. ૭૦૬૯૪ ૮૪૮૪૭
સાસણ - ગીર તાલાલા ઓફીસથી ડીલેવરી

**વેરાવળ ઓફીસ**
ખુશ્બુ હોટેલની બાજુમાં,
વેરાવળ
મો. ૯૯૦૯૬ ૯૧૬૮૬
૯૮૨૪૦ ૯૧૬૮૬
સુપાસી, પ્રભાસ પાટણ ઓફીસથી ડીલેવરી

**કાજલી ઓફીસ**
કાજલી
મો. ૯૬૨૪૨૩૦૩૯૦
સુત્રાપાડા, ગોરખમઢી, આજોઠા, સોનારીયા
સુત્રાપાડા ફાટક ઓફીસથી ડીલેવરી

**પ્રાંચી ઓફીસ**
માધવ ટ્રાન્સપોર્ટ
વેરાવળ-કોડીનાર હાઈવે,
કોળી સમાજની સામે, પ્રાંચી
મો. ૭૯૯૦૬ ૫૮૭૩૫

**કોડીનાર ઓફીસ**
પંકજ ટ્રાન્સપોર્ટ,
મામલતદાર કચેરી રોડ,
કોડીનાર
મો. ૮૨૩૮૧૩૬૯૮૮

**ઉના ઓફીસ**
શોપ નં.૩, દેવ નંદન કોમ્પલેક્ષ,
ગોંદરા ચોક, ઉના
મો. ૯૭૨૪૦ ૧૬૭૦૭
૯૮૨૪૪ ૬૮૧૮૭

**ડોળાસા ઓફીસ**
જનતા ટ્રાન્સપોર્ટ- કોડીનાર - ઉના હાઈવે, ડોળાસા
મો. ૯૨૭૬૨૫૭૧૭૪

**ગીર ગઢડા ઓફીસ**
ફલાય ફાસ્ટ, ક્રિષ્ના મંદિરની બાજુમાં, ફકીર વાડો,
ગીર ગઢડા. મો. ૭૬૯૮૨૩૫૪૮૨

**ફલાય ફાસ્ટ - CALL : 99097 06464**
એડ્રેસ : મહાસાગર ટ્રાવેલ્સ ઓફિસની બાજુમાં, ગાંધી ચોક, જૂનાગઢ
બ્રાન્ચ ઓફીસ : ફલાય ફાસ્ટ, સાબલપુર બસ સ્ટેન્ડ રોડ, રાધા ક્રિષ્ના એસ્ટેટ, સાબલપુર




જુનાગઢ - સાબલપુર - તાલાલા - વેરાવળ - કાજલી - સુત્રાપાડા - પ્રાંચી
કોડીનાર - ડોળાસા - ઉના - દીવ - ટીબી - ધોકડવા - ગીર ગઢડા
For Booking : 99097 06464